અદ્યતન આવૃત્તિ- 2023

WEBSANKUL®
PUBLICATION

# કાયદો



CrPC Gujarat Amendment Act, 2021

CrPCની કલમ-144 (કર્ફ્યુને લગતી જોગવાઈ)

**Latest સુધારાનો સમાવેશ**

**કોન્સ્ટેબલ**
**PSI-ASI**
**માટે ઉપયોગી**


સંપાદક
**અભિજિત ગઢવી**

લેખક
**દિવાનસિંહ ગોહિલ**

# પુસ્તકની વિશેષતાઓ

PSI/ASI સીધી ભરતી કે ખાતાકીય પરીક્ષા,
પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા માટે ઉપયોગી

---

અભ્યાસક્રમ અનુસાર તમામ કાયદા તથા કલમોનો સમાવેશ

---

સરળ ભાષા, ઉદાહરણો તથા સ્પષ્ટ વર્ણન

---

મહત્ત્વની કલમોની અલગ તારવણી

---

મહત્ત્વના પ્રશ્નોનો સમાવેશ

---

પોલીસ હોદ્દેદાર તથા માળખાની સરળ સમજૂતી

---

તાજેતરમાં થયેલ તથા અત્યાર સુધીના તમામ કાયદાકીય
સુધારાઓનું (Highlight દ્વારા) વર્ણન


₹300/-



અદ્યતન આવૃત્તિ- 2023

WEBSANKUL®
PUBLICATION

# કાયદો



કોન્સ્ટેબલ,
ASI અને PSI
માટે ઉપયોગી


311, Shalin Galleria, 3rd floor, Nr. RTO, Sector-4, Gandhinagar.

Ph.: 7777991348 / 9601608348



સંપાદક
**અભિજિત ગઢવી**

લેખક
**દિવાનસિંહ ગોહિલ**

## WebSankul Team

### સંપાદક
અભિજીત ગઢવી

### લેખક
દિવાનસિંહ ગોહિલ

### Typing Team
ખુશ્બુ સોલંકી, પ્રિયંકા લેઉવા, હિના સિંધલ, હિમાંશી રાઓલ,
હિતેન્દ્રસિંહ રાજપાલ, પૂનમ પરમાર, કોમલ પરમાર
કોમલ રાવળ, વાઘેલા ધારાબેન, કોમલ પ્રજાપતિ, ઋત્વા દવે,
મિત્તલ નાણાવટી, નરેન્દ્રભાઈ ગોહિલ, પ્રકાશભાઈ પરમાર,
મહંમદ ઇલિયાસ દાણી, અંસારી બસીરૂદ્દીન નિઝામુદીન,
ભાવનાબેન પટેલ, દેવેન્દ્રભાઈ ઠક્કર, ચેતનભાઈ નાયી

### Content Team
કાનજી કુછડિયા, સુરજ પટેલ, દક્ષાબા રાણા, વત્સલ પટેલ,
ક્રિષ્ના ધોરાજીયા, ભરત ચૌધરી, નિશાંત શાહ, વીરપ્રતાપસિંહ,
નિરજ પ્રજાપતિ, ઉમેશ પરમાર, મયુર પટેલ, કાર્તિક બારડ,
ચૌહાણ કુલદીપસિંહ, ધ્રુપદ પટેલ, સંદીપ પ્રજાપતિ,
સિદ્ધરાજસિંહ વાઘેલા, યશવંત પરમાર, પ્રકાશ પ્રજાપતિ,
મહેન્દ્ર પઢિયાર, ચંદ્રસિંહ રાઠવા, જીગર દરજી, અજય ખૂંટી,
વિરેન્દ્ર આહીર, દેવાંગ પંચાલ, ભાવિક પટેલ, સંજય સોનગરા,
લાલભાઈ દેસાઈ, પરેશ ચૌધરી, બિપિન પરમાર

### Designing Team
અંશ વાછાણી, કુંદન પટેલ, નિકુંજ સગર, મયંક ઘેલાણી,
કિર્તન પટેલ, હાર્દિક પંચાલ, પ્રીત સુખડીયા, ભુવા પારસ

### Management Team
મહેશ રખિયાણીયા, મનસ્વી ગઢવી, મેહુલ ચૌહાણ,
કિશન બુટાણી, ક્રિષ્ના પટેલ, પાર્થ ગઢવી, અવની પટેલ


# કાયદો



**ગુજરાતના તમામ મહેનતુ વિદ્યાર્થીઓને અર્પણ**


Book Name : કાયદો

First Edition : March 2021

Second Edition : January 2022

Third Edition : February 2023



Copyright© : WebSankul®



Pages : 280

Price : Rs. 300/-

Book Design : WebSankul

Email : publication@websankul.com Contact

No : 77 77 99 13 48, 96 01 60 83 48

Website : www.websankul.org



© Strictly reserved with the Editor

No Part of this Publication may be reproduced or distributed in any form or by any means,electronic, mechanical, photocopying, recording or otherwise or stored in a database or retrieval system without prior written permission of the publishers.


**વિશેષ સૂચના**

સંપાદક તથા પ્રકાશક દ્વારા પુસ્તકના તમામ તથ્યોની યોગ્યતા તપાસમાં આવી છે, તેમ છતાં કોઈપણ ક્ષતિ માટે પ્રકાશક, સંપાદક, મુદ્રક જવાબદાર રહેશે નહીં.

# પ્રસ્તાવના

કાયદાનો વિષય વિદ્યાર્થીઓને હંમેશાથી મૂંઝવતો રહે છે, કારણકે કાયદાકીય ભાષા થોડી અઘરી હોય છે અને સાવ સામાન્ય લોકોને સમજવામાં તકલીફ પડતી હોય છે. પરંતુ કોન્સ્ટેબલ, ASI અને PSI જેવી પરીક્ષાઓમાં તો કાયદો વિષય અનિવાર્ય બની જાય છે.

કાયદાના અભ્યાસ સાથેના લગભગ એક દશકાના અનુભવના કારણે વિદ્યાર્થીઓની સમસ્યાઓ અને તેમની માંગથી નજીકથી પરિચિત હોવાથી કાયદાનું પુસ્તક લખવાનો વિચાર કરેલો, પરંતુ કોઇ કારણોસર અમલમાં ન લાવી શકતો. પરંતુ મિત્ર યુવરાજસિંહ ગોહિલ (રાણા), યુવરાજસિંહ જાડેજા (યુયુત્સુ) તથા Web Sankul ના અભિજીતભાઇ, ગિરવાનભાઇ અને વિકાસભાઇના આગ્રહ અને સહકારથી પુસ્તક લખવાને પીઠબળ મળ્યું. લાંબા સશોધન અને અભ્યાસ બાદ 'કાયદો' પુસ્તક તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યું. જે ગુજરાત સરકારની PSI, ASI કોન્સ્ટેબલની પરીક્ષાઓની તથા કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને જીજ્ઞાસુઓને પણ ઉપયોગી થશે.

આ પુસ્તક સફળ રીતે પૂર્ણ કરવા માટે પ્રથમ માં સરસ્વતી તથા ઈશ્વરનો અંતઃકરણ પૂર્વક આભારી છું. તથા મને કાયદાનું સૌ પ્રથમ જ્ઞાન આપનાર મારા ગુરુજી પ્રો.સંજયસિંહ ઝાલા, પ્રો.વિમલસિંહ ગોહિલ તથા મારા માતા-પિતા, મારા પત્ની, મિત્રો, સ્નેહીઓ અને જરૂર પડે માર્ગદર્શન આપનાર પોલીસ અધિકારીઓએ, ન્યાયાલયના અધિકારીઓ અને WebSankul ની ટીમનો તથા આ પુસ્તક જેની માટે લખાયેલ છે તેવા વિદ્યાર્થી મિત્રોની લાગણીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

## ત્રીજી આવૃત્તિ વેળાએ...

પરમ કૃપાળુ ઇશ્વરની કૃપાથી તથા વિદ્યાર્થી મિત્રોના પ્રેમ અને અપૂર્વ પ્રતિસાદથી 'કાયદો' પુસ્તક લખવાની અને પ્રકાશિત કરવાની પ્રેરણા મળી છે, માટે ગુજરાતના તમામ વિદ્યાર્થી મિત્રોનો દિલથી આભાર.

પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થયા બાદ વિદ્યાર્થીઓનો તેને મળેલો પ્રેમ અને પ્રતિસાદ જોઇ તેની દ્વિતીય આવૃત્તિ 2022 માં પ્રકાશિત કરવામાં આવી હતી. હવે સમય છે આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનો, ત્યારે તેમાં કાયદાઓમાં થયેલા અદ્યતન સુધારાઓને પણ પુસ્તકમાં સામેલ કરવામાં આવ્યા છે તથા કોઇ નાની મોટી રહેલી ત્રુટિઓને દૂર કરી શક્ય તેટલું ત્રુટિ રહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે પરીક્ષાર્થીઓ માટે આ પુસ્તક સફળતાનો સાથી બની રહે અને બે આવૃત્તિઓને મળેલો પ્રેમ આ આવૃત્તિને પણ મળે.

આપના સલાહ-સૂચનો સદાય આવકાર્ય છે.

**સંપાદક**

**અભિજીત ગઢવી**

**લેખક**

**દિવાનસિંહ એ. ગોહિલ**

# ગુજરાત પોલીસ અધિકારીશ્રીઓના હોદ્દા

D.G.P.
(Director General of Police)
રાજ્યના પોલીસ ખાતાના વડા
↓
Add. D.G.P.
(Additional Director General of Police)
પોલીસ ખાતાના વિવિધ વિભાગોના વડા
↓
I.G.P.
(Inspector General of Police)
રેન્જના વડા (રેન્જ એટલે એકથી વધુ જીલ્લાઓનો સમુહ)
↓
D.I.G.P.
(Deputy Inspector General of Police)
રેન્જના વડા
↓
S.P. (D.S.P.)
(Superintendent of Police)
જીલ્લાના પોલીસ વડા
↓
Dy. S.P.
(Deputy Superintendent of Police)
જીલ્લાના કોઈ પોલીસ વિભાગના વડા
↓
P.I. (Police Inspector)
પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી
↓
P.S.I. (Police Sub Inspector)
નાના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી
↓
A.S.I. (Assistant Sub Inspector)
↓
H.C. (Head Constable)
↓
P.C. (Police Constable)
↓
L.R.D.
લોક રક્ષક (પાંચ વર્ષ માટે અજમાયશી પોલીસ કોન્સ્ટેબલ)

# પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પોલીસનું માળખું

D.G.P.

(Director General of Police)

રાજ્યના પોલીસ વડા

↓

C.P. (Add. D.G.P.)

(Commissioner)

કમિશનર

↓

J.C.P. (I.G.P. / D.I.G.P.)

(Joint Commissioner)

જોઈન્ટ કમિશનર

↓

D.C.P. (S.P.)

(Deputy Commissioner of Police)

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ

↓

A.C.P. (Dy. S.P.)

(Assistant Commissioner of Police)

આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ

↓

P.I.

(Police Inspector)

↓

P.S.I.

(Police Sub Inspector)

↓

A.S.I.

(Assistant Sub Inspector)

↓

H.C.

(Head Constable)

↓

P.C.

(Police Constable) સૌથી નીચલા દરજ્જાનો પોલીસ અધિકારી

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| 1. | ભારતીય ફોજદારી અધિનિયમ - ૧૮૬૦ | 1 - 100 |
| 2. | ભારતીય ફોજદારી અધિનિયમના પૂછાયેલા પ્રશ્નોની યાદી | 101 - 109 |
| 3. | ભારતીય ફોજદારી અધિનિયમના અગત્યના પ્રશ્નો | 110 - 118 |
| 4. | ભારતીય ફોજદારી અધિનિયમના વનલાઈનર પ્રશ્નો | 119 - 128 |
| 5. | ભારતીય પુરાવા અધિનિયમની કલમોની યાદી | 129 - 134 |
| 6. | ભારતીય પુરાવા અધિનિયમ - ૧૮૭૨ | 135 - 159 |
| 7. | ભારતીય પુરાવા અધિનિયમના પૂછાયેલા પ્રશ્નોની યાદી | 160 - 164 |
| 8. | ભારતીય પુરાવા અધિનિયમના અગત્યના પ્રશ્નોની યાદી | 165 - 168 |
| 9. | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમોની યાદી | 169 - 185 |
| 10. | ફોજદારી કાર્યરીતિ સંહિતા - ૧૯૭૩ | 186 - 244 |
| 11. | ફોજદારી કાર્યરીતિ સંહિતાના પૂછાયેલા પ્રશ્નોની યાદી | 245 - 252 |
| 12. | ફોજદારી કાર્યરીતિ સંહિતાના અગત્યના તથ્યો | 253- 257 |
| 13. | ફોજદારી કાર્યરીતિ સંહિતાના અગત્યના પ્રશ્નો (MCQ) | 258 - 267 |

# 1. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦
## The Indian Penal Code, 1860 | 6 October, 1860

### પ્રકરણ - ૧ : પ્રારંભ
### (કલમ ૧ થી ૫)

કલમ : ૧ અધિનિયમ (સંહિતા)નું નામ અને તેના અમલનો વિસ્તાર

કલમ : ૨ ભારતમાં થયેલા ગુનાની શિક્ષા

કલમ : ૩ ભારત બહાર કરેલા પણ ભારતમાં જેની કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી કરી શકાય તેવા ગુનાની શિક્ષા

કલમ : ૪ રાજ્યક્ષેત્રના બહારના ગુનાને આ અધિનિયમ લાગુ પડવા બાબત

કલમ : ૫ અમુક કાયદાઓને આ અધિનિયમથી અસર નહીં થાય

### પ્રકરણ - ૨ : સામાન્ય સ્પષ્ટીકરણ - વ્યાખ્યાઓ
### (કલમ ૬ થી ૫૨ A)

કલમ : ૬ અધિનિયમની વ્યાખ્યાઓ અપવાદોને આધીન છે એમ સમજવું

કલમ : ૭ એકવાર સમજૂતી આપેલા શબ્દપ્રયોગનો ભાવ

કલમ : ૮ જાતિ

કલમ : ૯ વચન

કલમ : ૧૦ પુરુષ, સ્ત્રી

કલમ : ૧૧ વ્યક્તિ

કલમ : ૧૨ લોકો

કલમ : ૧૩ રદ

કલમ : ૧૪ સરકારી નોકર

કલમ : ૧૫ રદ

કલમ : ૧૬ રદ

કલમ : ૧૭ સરકાર

કલમ : ૧૮ ભારત

કલમ : ૧૯ ન્યાયાધીશ

કલમ : ૨૦ કોર્ટ (ન્યાયાલય)

કલમ : ૨૧ રાજ્ય સેવક

કલમ : ૨૨ જંગમ મિલકત

કલમ : ૨૩ ગેરકાયદે લાભ

કલમ : ૨૪ બદદાનતથી

કલમ : ૨૫ કપટપૂર્વક

કલમ : ૨૬ માનવાને કારણ

કલમ : ૨૭ પત્ની, કારકુન કે નોકરના કબજામાંની મિલકત

કલમ : ૨૮ ખોટી બનાવટ કરવા અંગે

કલમ : ૨૯ દસ્તાવેજ

કલમ : ૨૯ (ક) / 29 (A) ઈલેક્ટ્રોનિક રેકર્ડ

કલમ : ૩૦ કિંમતી જામીનગીરી

કલમ : ૩૧ વીલ(વસિયતનામું)

કલમ : ૩૨ કૃત્યના ઉલ્લેખ કરતા શબ્દોમાં ગેરકાયદેસરના કાર્યલોપનો સમાવેશ થાય છે

કલમ : ૩૩ 'કૃત્ય','કાર્યલોપ'

# ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ | ભારતીય ફોજદારી ધારા, ૧૮૬૦
# The Indian Penal Code, 1860 (IPC)

**ભારતીય દંડ સંહિતા વિશે મહત્વની વિગતો**

- ભારતીય દંડ સંહિતા, ભારતીય ફોજદારી અધિ. અને ઈન્ડિયન પિનલ કોડ (IPC) આ ત્રણ એક જ કાયદાના નામ છે.
- ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે અમલમાં આવ્યું પરંતુ ભારતને આઝાદી ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭માં મળી હતી. બંધારણ અમલમાં આવ્યા પહેલા ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ થી ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ સુધી ભારત શાસન અધિ.-૧૯૩૫ના કાયદાના આધારે આઝાદ ભારતમાં શાસન ચાલ્યુ તથા આપણા બંધારણમાં પણ આઝાદી પહેલાના ભારત શાસન અધિનિયમ, ૧૯૩૫ની જોગવાઈઓનો મોટા પ્રમાણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- **૧૮૩૩ના ચાર્ટર એકટ અંતર્ગત ૧૮૩૪માં અંગ્રેજ સરકાર કાયદાઓ ઘડવા માટે પ્રથમ કાયદા પંચની નિયુક્તિ કરે છે.આ કાયદા પંચના પ્રથમ અધ્યક્ષ સર મેકોલે હતા.૧૮૩૭માં સર મેકોલે દ્વારા ભારતીય ફોજદારી અધિનિયમ (IPC)નો મુસદો ઘડવામાં આવ્યો.૧૮૩૮માં IPC ના મુસદાને ગર્વનર જનરલ સમક્ષ રજુ કરવામાં આવ્યો. વાઈસરોય લોર્ડ કેનિંગ દ્વારા ૬ ઓક્ટોબર, ૧૮૬૦ના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવ્યો.**
- નોંધ : IPC નો પસાર થવાનો ક્રમાંક-૪૫ હતો. આ પહેલા ૪૪ વિવિધ કાયદાઓ બ્રિટિશ ધારાસભામાં પસાર થઈ ચૂક્યા હતા. તથા ભારત માટે ઘડવામાં આવેલ તમામ કાયદાઓ તે સમયે બ્રિટિશ ધારાસભામાં પસાર કરવામાં આવતા હતા.
- તેવી જ રીતે ભારતીય ફોજદારી ધારો - ૧૮૬૦નો **અમલ ૧ જાન્યુઆરી, ૧૮૬૨**માં કરવામાં આવ્યો હતો.
- ભારતીય ફોજદારી ધારો - ૧૮૬૦માં **૨૩ પ્રકરણો** છે. અને **૫૧૧ કલમો** છે. [૨૩ પ્રકરણમાં ૩ પેટા પ્રકરણ છે.]
- **IPC પહેલા જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડતો હતો.** પરંતુ ભારતીય સંસદ દ્વારા બંધારણના અનુચ્છેદ ૩૭૦ને દુર કરવામાં આવતા તથા **જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019ને લાગુ કરતાં** ભારતના બધા જ કાયદા જમ્મુ અને કાશ્મીરમાં લાગુ થયા છે તેથી **હવે IPC પણ જમ્મુ અને કાશ્મીર સાથે સમગ્ર ભારતમાં લાગુ પડશે.**

## IPC ના પ્રકરણ

| પ્રકરણ | નામ | કલમ |
|---|---|---|
| ૧ | પ્રારંભ | કલમ ૧ થી ૫ |
| ૨ | સામાન્ય સ્પષ્ટીકરણ - વ્યાખ્યાઓ | કલમ ૬ થી ૫૨ (A) |
| ૩ | શિક્ષા વિશે | કલમ ૫૩ થી ૭૫ |
| ૪ | સામાન્ય અપવાદો<br>ખાનગી બચાવનો હક | કલમ ૭૬ થી ૧૦૬<br>કલમ ૯૬ થી ૧૦૬ |
| ૫ | દુષ્પ્રેરણ | કલમ ૧૦૭ થી ૧૨૦ |
| ૫ (A) | ગુનાહિત કાવતરું | કલમ ૧૨૦ (A) થી ૧૨૦ (B) |
| ૬ | રાજ્ય વિરુદ્ધના ગુના | કલમ ૧૨૧ થી ૧૩૦ |
| ૭ | ભૂમિદળ, નૌકાદળ, હવાઈદળ સંબંધી ગુના | કલમ ૧૩૧ થી ૧૪૦ |
| ૮ | જાહેર સુલેહ શાંતિ વિરુદ્ધના ગુના | કલમ ૧૪૧ થી ૧૬૦ |
| ૯ | રાજ્યસેવકે કરેલા અથવા તેમની સાથે સંબંધ ધરાવતા ગુના | કલમ ૧૬૧ થી ૧૭૧ |
| ૯ A | ચૂંટણીઓ સંબંધી ગુના | કલમ ૧૭૧ (A) થી ૧૭૧ (I) |

**કલમ - ૧૦૪: જ્યારે મિલકતનું રક્ષણ કરતી વખતે મૃત્યુ સિવાયની બીજી કોઈ હાનિ કરી શકાય. :** કલમ-૧૦૩ માં જણાવેલ પ્રકારની ચોરી, બગાડ અથવા ગૃહઅપપ્રવેશનો (મૃત્યુ અથવા મહાવ્યથાનો ભય ન હોય) ન હોય તો મૃત્યુ સિવાયની બીજી હાનિ પહોંચાડી શકાય છે.

**કલમ - ૧૦૫: મિલકતના ખાનગી બચાવના હકની શરૂઆત અને તે ચાલુ રહેવા અંગે :** મિલકતને જોખમ પહોંચવાનો ભય લાગે ત્યારથી મિલકતના ખાનગી બચાવનો હક શરૂ થાય છે.

★**કલમ - ૧૦૬ : નિર્દોષ વ્યક્તિને હાનિ થવાનું જોખમ હોય ત્યારે જીવલેણ હુમલા સામે ખાનગી બચાવનો હક :**

➥ **સરળ સમજૂતી :** જ્યારે કોઈ વ્યક્તિ પર જીવલેણ હુમલો થાય અને મૃત્યુ થવાની બીક (ભય) હોય એવા સંજોગોમાં સ્વરક્ષણનો અધિકાર વાપરતી વખતે નિર્દોષ વ્યક્તિને હાનિ (નુકશાન) થાય તેમ હોય તો પણ પોતાના સ્વરક્ષણ માટે નિર્દોષ વ્યક્તિને હાનિ થાય તો તે ગુનો નથી.

➥ **ઉદાહરણ :** મોહનનું ખૂન કરવાની કોશિશ કરતું ટોળું તેની પાછળ આવે છે. મોહનને જીવ બચાવવા ગોળીબાર કરવો પડે તેમ હતો પરંતુ તે ટોળામાં શેરીમાં રમતા બાળકો રમત રમતમાં જોડાઈ ગયા. જેમનો કોઈ ગુનાહિત ઈરાદો ન હતો. પરંતું મોહનને જીવ બચાવવા કરેલા ગોળીબારમાં બાળકને ગોળી વાગે અને ઈજા થાય તો તે માટે મોહનને સજા મળશે નહિ.


## પ્રકરણ - ૫ : દુષ્પ્રેરણ (ગુનામાં મદદગારી) (કલમ ૧૦૭ થી ૧૨૦)

★**કલમ - ૧૦૭ : કૃત્યનું દુષ્પ્રેરણ :**

➥ **નોંધ :**

દુષ્પ્રેરણ એટલે કોઈ ગુનાહિત કામ કરવા ખોટી રીતે પ્રેરવો(દોરવો) અને આ ગુનાહિત દોરવણી ઉશ્કેરાટ, કાવતરું તથા મદદ કરી શકે છે તથા દુષ્પ્રેરણ (ખરાબ પ્રેરણા) જે આપે છે તેને દુષ્પ્રેરક કહે છે. દુષ્પ્રેરણ એ ગુનો છે.

➥ દુષ્પ્રેરણ ત્રણ પ્રકારે થઈ શકે છે.




➥ **સરળ સમજૂતી :**

(૧) કોઈ ગુનાહિત કૃત્ય કરવા માટે બીજી કોઈ વ્યક્તિને ખોટી રીતે પ્રેરે અથવા કાવતરામાં સામેલ કરે અથવા ગુનાહિત કૃત્યમાં મદદ કરે તો તે દુષ્પ્રેરણ કર્યું કહેવાય છે.

➥ **ઉદાહરણ :** દેવેન્દ્રને ગબ્બર નામના નેતા સાથે દુશ્મની છે. દેવેન્દ્ર તેના મિત્ર અર્જુનને ગબ્બર વિરુદ્ધ ઉશ્કેરે છે. અને તેનું ખૂન કરવા પ્રેરે છે. તથા અર્જુનને રિવોલ્વર પણ લાવી આપે છે, અર્જુન દ્વારા ગબ્બરને ગોળી મારતા ગબ્બરનું મોત થાય છે. આ કિસ્સામાં અર્જુનને કોર્ટ ખૂન અથવા આ અપરાધ મનુષ્ય વધની શિક્ષા કરશે પરંતુ દેવેન્દ્રને ખૂન માટે દુષ્પ્રેરણની સજા થશે માટે દુષ્પ્રેરણ પણ એક ગુનો છે.

➥ **સરળ સમજૂતી :**

(૨) કોઈ સાચી માહિતી (હકીકત) છુપાવીને કોઈ વ્યક્તિને ખોટી રીતે પ્રેરવું અથવા ઉશ્કેરવું એ પણ દુષ્પ્રેરણ છે.

➥ **ઉદાહરણ :** અભિજીત નામનો પોલીસ અધિકારી ન્યાયાલયના વોરંટથી દિપકને ગિરફતાર કરવા તેના ગામમાં જાય છે.અને ગામના સરપંચને દિપક કોણ છે તેમ પૂછે છે. સરપંચ દિપકને ઓળખતો હોવા છતાં તેના એક દુશ્મન વેલજીભાઈને દિપક છે એમ કહી ખોટી રીતે પ્રેરે છે. (દુષ્પ્રેરણ) અને વેલજીભાઈને ગિરફતાર કરાવે છે. બાદમાં ખબર પડે છે કે સરપંચ દ્વારા જાણી જોઈ ખોટી માહિતી આપવામાં આવી છે. તેથી તે દુષ્પ્રેરણ કરવા માટે ગુનેગાર છે.

➥ **સજા :** ૩ વર્ષ સુધીની કોઈ કેદ અથવા દંડ અને જો સિક્કો બનાવવાનો હોય અને તે ભારતીય સિક્કો હોય તો ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૩૬ : ભારત બહાર ખોટા સિક્કા બનાવવાનું ભારતમાંથી દુશ્મન કરે તો**

➥ **સજા :** ભારતમાં ખોટો સિક્કો બનાવવામાં મદદગારની શિક્ષા મળશે.

**કલમ - ૨૩૭ : ખોટા સિક્કા આયાત (વિદેશથી લાવવા) અથવા ખોટા સિક્કાની નિકાસ કરે તેને**

➥ **સજા :** આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

➥ **ઉદાહરણ :** અફઝલ નામનો એક વ્યક્તિ ભારતના ખોટા સિક્કા નેપાળમાં બનાવી ભારતમાં આયાત કરે છે તો તે આ કલમ અંતર્ગત દોષિત છે.

**કલમ - ૨૩૮ : બનાવટી ભારતીય સિક્કાની આયાત નિકાસ કરવા માટે**

➥ **સજા :** આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૩૯ : સિક્કો ખોટો છે તેવી જાણ છે તેમ છતાં પોતાની પાસે (કબજામાં) હોય તેથી સિક્કો બીજાને આપે તો**

➥ **સજા :** ૫ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૦ : ભારતીય સિક્કો ખોટો છે એવી જાણ સાથે પોતાના કબજામાં હોય તે સિક્કો બીજાને આપે તો**

➥ **સજા :** ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૧ : પ્રથમ કબજામાં આવે ત્યારે જે ખોટો હોવાનું આપનાર વ્યક્તિ જાણતી ન હોય એવો સિક્કો જાણકારી (સાચો હોવાની) મળ્યા બાદ ખરા તરીકે ઉપયોગ કરે તેને**

➥ **સજા :** ૨ વર્ષ સુધીની કેદ અથવા ખોટા સિક્કાની કિંમતની ૧૦ ગણી રકમ સુધીનો દંડ અથવા બંને

**કલમ - ૨૪૨ : પોતાના કબજામાં આવ્યો ત્યારે તે ખોટો (બનાવટી) સિક્કો હોવાનું પોતે જાણતો હોય એવી વ્યક્તિએ કોઈ બનાવટી (ખોટો) સિક્કો પોતાના કબજામાં રાખે તેને**

➥ **સજા :** ૩ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૩ : પોતાના કબજામાં આવ્યો ત્યારે તે બનાવટી હોવાનું પોતે જાણતો હોય એવી વ્યક્તિએ કોઈ ભારતીય સિક્કો પોતાના કબજામાં રાખે તો**

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૪ : ટંકશાળામાં (સિક્કા બનાવવાનું સ્થળ) નોકરી કરતી વ્યક્તિએ કાયદાથી નક્કી કરેલ વજન અથવા મિશ્રણથી જુદા વજન અથવા મિશ્રણના સિક્કા બનાવે તો**

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૫ : ભારત સરકારની ટંકશાળામાંથી અધિકારી વિના કોઈ ઓજાર અથવા સાધન લઈ જાય તેને**

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૬ : કપટપૂર્વક અથવા બદદાનતથી સિક્કાનું વજન ઓછું કરવા અથવા તેના મિશ્રણમાં ફેરફાર કરવા માટે**

➥ **સજા :** ૩ વર્ષ સુધીની કેદ અને દંડ

➥ **નોંધ :** જે વ્યક્તિ સિક્કાનો કોઈ ભાગ કોતરી કાઢીને તેમાં બીજી કોઈ વસ્તુ ભરે તે વ્યક્તિ તે સિક્કાના મિશ્રણમાં ફેરફાર કરે છે, તેમ કહેવાય.

**કલમ - ૨૪૭ : કપટપૂર્વક અથવા બદદાનતથી ભારતીય સિક્કાનું વજન ઓછું કરવા અથવા તેના મિશ્રણમાં ફેરફાર કરે તેને**

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૮ : કોઈ સિક્કો જુદો સિક્કો ચલાવવાના ઈરાદાથી તેના દેખાવમાં ફેરફાર કરે તેને**

➥ **સજા :** ૩ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૨૪૯ : જે કોઈ વ્યક્તિ કોઈ ભારતીય સિક્કો જુદા સિક્કા તરીકે ચલાવવાના ઈરાદાથી દેખાવમાં ફેરફાર કરે તેને**

➥ ઉદાહરણ : ૨

કોઈ બેંકમાં A નામનો વ્યક્તિ અંદર જઈ પોતાની રાઈફલ વડે હવામાં ફાયરિંગ કરી કેશીયર પાસે જાય છે. અને તેના માથા પર રાઈફલ રાખી બધી કેશ (પૈસા) આપી દેવા કહે છે. (બળજબરીથી કઢાવવું) અને કેશીયર મોતની બીકે બધા પૈસા આપી દે છે તો આ ઘટના લૂંટ ગણાશે.

**★કલમ - ૩૯૧ : ધાડ**

➥ **સજા :** ૫ અથવા વધારે વ્યક્તિઓ મળી લૂંટ કરે અથવા તેમ કરવાની કોશિશ કરે તેને ધાડ (દકેતી) કહે છે.

**★કલમ - ૩૯૨ : લૂંટની સજા**

➥ **સજા :** ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

અને જો લૂંટ રાજમાર્ગ પર (હાઈવે પર) સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે (રાત્રે) કરવામાં આવે તો

➥ **સજા :** ૧૪ વર્ષ સુધીની કેદની સજા

**કલમ - ૩૯૩ : લૂંટ કરવાની કોશિશ**

➥ **સજા :** ૭ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**કલમ - ૩૯૪ : લૂંટ સાથે વ્યથા**

➥ **સજા :** આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**કલમ - ૩૯૫ : ધાડની સજા**

➥ **સજા :** આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**★કલમ - ૩૯૬ : ખૂન સાથે ધાડ**

➥ **સજા :** મોતની સજા અથવા આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**કલમ - ૩૯૭ : મૃત્યુ નિપજાવવાના અથવા મહાવ્યથા કરવાની કોશિશ સાથે લૂંટ અથવા ધાડ કરવા બાબત**

➥ **સજા :** ૭ વર્ષ કરતા ઓછી નહિ તેવી સખત કેદ

**કલમ - ૩૯૮ : પ્રાણઘાતક હથિયાર ધારણ કરી અને લૂંટ કરવાની અથવા ધાડ પાડવાની કોશિશ કરવા બાબત**

➥ **સજા :** ૭ વર્ષ કરતા ઓછી નહીં તેવી સખત કેદની સજા

**કલમ - ૩૯૯ : ધાડ પાડવા માટેની તૈયારી કરવા બાબત**

➥ **સજા :** ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**કલમ - ૪૦૦ : ધાડપાડુની ટોળીમાં સામેલ થવાની શિક્ષા**

➥ **સજા :** આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને દંડ

**કલમ - ૪૦૧ : ચોરીની ટોળીમાં સામેલ થવાની સજા**

➥ **સજા :** ૭ વર્ષ સુધી સખત કેદ અને દંડ

**કલમ - ૪૦૨ : ધાડ પાડવા માટે ભેગા થવા બાબત**

➥ જે કોઈ વ્યક્તિ કોઈ સમયે ધાડ પાડવાના હેતુ માટે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થાય તો આ કલમ અંતર્ગત ગુનો બનશે.

➥ **સજા :** ૭ વર્ષ સુધી સખત કેદ અને દંડ

**★કલમ - ૪૦૩ : બદદાનતથી મિલકતનો દુર્વિનિયોગ કરવા બાબત**

➥ જો કોઈ વ્યક્તિ બદદાનતથી કોઈ જંગમ મિલકતનો દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે, તેને

➥ **સજા :** ૨ વર્ષ સુધી સખત કેદ અને દંડ અથવા બંને

➥ **સરળ સમજૂતી :** મિલકતનો દુર્વિનિયોગ એટલે જે મિલકત આપણી નથી અથવા ભાગીદારીમાં છે તે મિલકત પોતાની છે એમ સમજીને વેચી દેવી અથવા ખોટી રીતે ઉપયોગ કરવો તેને મિલકતનો દુર્વિનિયોગ કહે છે.

## પ્રકરણ - ૧૯ : નોકરીના કરારનો ગુનાહિત ભંગ (કલમ - ૪૯૦ થી ૪૯૨)

**કલમ - ૪૯૦ : રદ**

**કલમ - ૪૯૧ : અસહાય વ્યક્તિની સંભાળ રાખવા અથવા તેની જરૂરિયાતો પૂરી પાડવાના કરારનો ભંગ**

➥ કોઈ વ્યક્તિ તરુણાવસ્થાને અથવા મગજની અસ્થિરતાને અથવા કોઈ રોગ કે શારીરિક નબળાઈને કારણે પોતાની સંભાળ રાખવા અથવા પોતાની જરૂરિયાતો પૂરી પાડવા અસહાય અથવા અશક્તિમાન હોય એવી બીજી કોઈ વ્યક્તિની સંભાળ રાખવા કાયદેસરના કરારથી બંધાયેલી હોય અને સ્વેચ્છાપૂર્વક તેમ ન કરે તેને

➥ **સજા :** ૩ મહિના સુધીની કેદ અથવા ₹ ૨૦૦ સુધીનો દંડ અથવા બંને

**કલમ - ૪૯૨ : રદ**

## પ્રકરણ - ૨૦ : લગ્ન સંબંધી ગુના (કલમ - ૪૯૩ થી ૪૯૮)

**કલમ - ૪૯૩ : કોઈ પુરુષ છેતરપિંડીથી કાયદેસર લગ્ન થયા હોવાનું માનવા પ્રેરિત પત્ની ભાવે સહવાસ કરવા બાબત**

➥ **સરળ સમજૂતી :** જ્યારે કોઈ પુરુષ સ્ત્રીને છેતરીને તેની સાથે સંભોગ કરે અથવા તેમ કરવાના ઈરાદે તે સ્ત્રીને લગ્ન થઈ ગયા છે તે કહીને એવું સમજાવી દે, કે તે બંનેના લગ્ન થઈ ગયા છે અને ખોટા વાયદા આપે એટલે કે કોઈ એકાંત જગ્યાએ સ્ત્રીના માથા પર સિંદૂર લગાવીને અથવા સ્ત્રીના ગળામાં મંગળસૂત્ર પહેરાવી તે પોતાની પત્ની છે તેવો અહેસાસ કરાવી સ્ત્રી સાથે સંભોગ કરે અથવા તેમ કરવાની કોશિશ કરે તો આ કલમ અંતર્ગત ગુનો બને છે.

➥ **સજા :** ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

➥ **ઉદાહરણ :** લકી નામનો એક યુવાન જુલી નામની એક મહિલાને પોતાના પ્રેમમાં પાડે છે અને તે દુનિયાના બંધનોથી દૂર એકબીજાને પતિ પત્ની છે તેઓ અહેસાસ કરાવવા માટે લકી જુલીના ગળામાં મંગળસૂત્ર બાંધે છે અને તે તેની પત્ની છે તેમ કહે છે ત્યારબાદ તેની સાથે શરીર સંબંધ બાંધે છે અને અમુક સમય બાદ તેને છોડી દે છે આ ઘટનામાં લકી પર આ કલમ અંતર્ગત ગુનો નોંધાશે.

**★કલમ - ૪૯૪ : પતિ અથવા પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરવા બાબત**

➥ **સરળ સમજૂતી :** જ્યારે લગ્ન બાદ પતિ અથવા પત્ની બંનેના છૂટાછેડા ના થયા હોય અથવા બંનેમાંથી કોઈ એકનું મૃત્યુ ના થયું હોય તેવા કિસ્સામાં સ્ત્રી કે પુરુષ બીજા લગ્ન કરે તો તે ગુનો છે.

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

**કલમ - ૪૯૫ : અગાઉના લગ્નની હકીકત જે વ્યક્તિ સાથે બીજા લગ્ન કર્યા હોય તેનાથી છુપાવી લગ્ન કરવા બાબત**

➥ **સરળ સમજૂતી :** કોઈ વ્યક્તિના અગાઉ લગ્ન થઈ ગયા છે પરંતુ તે બીજી વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે અગાઉ લગ્ન થયા છે તેવી હકીકત છુપાવી લગ્ન કરે અને સામેના પાત્રને એટલે કે જે છેતરાય છે તે સ્ત્રી કે પુરુષને ખબર પડે તો આ કલમ અંતર્ગત ગુનો નોંધાવી શકે છે.

➥ **સજા :** ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ

➥ **ઉદાહરણ :** મયંક નામના વ્યક્તિને અગાઉ લગ્ન થઈ ગયા છે તેવી હકીકત છુપાવીને મોહિની નામની સ્ત્રીને પોતાની પ્રેમજાળમાં ફસાવી પોતે અગાઉ લગ્ન નથી કર્યા તેવું જણાવી મોહિની સાથે લગ્ન કરે છે થોડા સમય બાદ મોહિનીને મયંકના અગાઉના લગ્નની તથા પોતે છેતરાઈ છે તેવું માલુમ પડતા આ કલમ અંતર્ગત ગુનો નોંધાશે.

**કલમ - ૪૯૬ : જે વિધિ કાયદેસર લગ્ન થયું ન ગણાય એવી લગ્નવિધિ કપટપૂર્વક કરી લેવા બાબત**

➥ **સરળ સમજૂતી :** કાયદેસરના લગ્ન હિન્દુ મેરેજ એક્ટ, મુસ્લિમ મેરેજ એક્ટ અથવા કોઈ રાજ્યના કે જ્ઞાતિના વિધિવત રિવાજ પ્રમાણે થયેલા લગ્ન કાયદેસરના લગ્ન કહેવાય પરંતુ સમાજના કે કાયદામાં જે વિધિ લગ્ન તરીકે માન્ય નથી તેવી વિધિથી લગ્ન કરી લે અને તે કરવા પાછળ તેનો ખરાબ ઈરાદો હોય તો આ કલમ અંતર્ગત ગુનો બનશે

➥ **સજા :** ૭ વર્ષ સુધીની કેદ અને દંડ

# ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (IPC) ના પૂછાયેલા પ્રશ્નો

## ✷ પ્રકરણ - ૧ ના પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો ✷

**(૧) IPC માં કુલ કેટલી કલમો છે ? (ASI-૨૦૧૫)**

(A) ૪૯૧ (B) ૫૨૬ **(C) ૫૧૧** (D) ૫૦૩

**(૨) IPC નો અમલ કઇ તારીખે થયો હતો ? (PSI ખાતાકીય ૨૦૧૭)**

(A) ૬ ઓક્ટોબર ૧૮૬૦ **(B) ૧ જાન્યુઆરી ૧૮૬૨**

(C) ૧૫ ઓગસ્ટ ૧૯૪૯ (D) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

**(૩) IPC ઘડવામાં કોનું પ્રદાન રહેલ છે ? (કોન્સ્ટેબલ -૨૦૧૬)**

(A) લોર્ડ માઉન્ટબેટન (B) સર ફ્રેડરિક પોલોક

**(C) લોર્ડ મેકોલે** (D) લોર્ડ વિલિયમ બેન્ટિક

**(૪) કેટલા પ્રાદેશિક જળ વિસ્તાર સુધી IPC વિદેશી લોકો ઉપર પણ લાગુ પડે છે ? (ASI-૨૦૧૫)**

(A) ૧૨ કિ.મી. **(B) ૧૨ નોટીકલ માઈલ** (C) ૧૨ માઈલ (D) તમામ

**(૫) IPC નું છેલ્લુ પ્રકરણ કયું છે ? (કોન્સ્ટેબલ -૨૦૧૯)**

(A) ૨૧ (B) ૨૫ (C) ૧૯ **(D) ૨૩**

**(૬) 'અ', ભારતનો નાગરિક ઓસ્ટ્રેલિયામાં જઈ ખૂન કરીને ભારત પરત આવી જાય છે. ભારતમાં આવ્યા બાદ આ ગુનાની જાણ થાય છે ? (કોન્સ્ટેબલ -૨૦૧૬)**

(A) 'અ' ભારતમાં ગુનો ન કરેલ હોય ભારતીય ફોજદારી ધારા હેઠળ જવાબદાર ઠરસે નહી.

**(B) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ભારતીય ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.**

(C) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ઓસ્ટ્રેલિયાનાં ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

(D) 'અ' જો ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયા જાય તો તેની સામે ઓસ્ટ્રેલિયાનાં ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

**(૭) ભારતીય ફોજદારી કાયદામાં કેટલી કલમો છે ? (કોન્સ્ટેબલ -૨૦૧૬)**

(A) ૧ થી ૪૮૯ **(B) ૧ થી ૫૧૧** (C) ૧ થી ૫૯૮ (D) ૧ થી ૬૨૩

**(૮) ભારતીય ફોજદારી ધારો એટલે ? (કોન્સ્ટેબલ -૨૦૧૫)**

**(A) ઈન્ડીયન પીનલ કોડ** (B) ઈન્ડીયન પ્રોસીઝર કોડ

(C) ઈન્ડીયન પોલીસ કોડ (D) ક્રીમીનલ પ્રોસીઝર કોડ

## ✷ પ્રકરણ - ૨ ના પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો ✷

**(૧) IPC ના ક્યા પ્રકરણમાં વ્યાખ્યાઓ છે ? (PSI-૨૦૧૭)**

(A) ૧ **(B) ૨** (C) ૩ (D) ૪

**(૨) IPC ની કલમ ૧૧ મુજબ વ્યકિતની વ્યાખ્યા શું છે ? (PSI-૨૦૧૭)**

(A) કોઈ કંપની (B) કોઈ એસોશિએશન (C) વ્યકિતઓનું મંડળ **(D) આપેલ તમામ**

**(૩) IPC ની કલમ ૨૧ મુજબ કોણ જાહેર સેવકની વ્યાખ્યામાં સામેલ છે ? (PSI-૨૦૧૭)**

(A) PSI (B) મેજિસ્ટ્રેટ (C) મ્યુનિ.કમિશનર **(D) તમામ**

# ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (IPC) ના અગત્યના પ્રશ્નો

**1. IPC માં કુલ કેટલી કલમો છે ? (ASI-2015)**

(A) ૪૯૧ (B) ૫૨૬ **(C) ૫૧૧** (D) ૫૦૩

**2. ભારતીય ફોજદારી અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?**

(A) 1867 (B) 1973 **(C) 1960** (D) 1860

**3. IPC પ્રકરણ-૬ની જોગવાઈઓ શેના માટે છે ?**

**(A) રાજ્ય વિરુદ્ધના ગુના** (B) સામાન્ય ગુના (C) બંને (D) એક પણ નહીં

**4. IPCમાં કુલ કેટલા પ્રકરણ છે ?**

(A) 30 (B) 20 (C) 25 **(D) 23**

**5. IPCનો મુસદો કોણે ઘડયો ?**

(A) લોર્ડ કર્ઝન (B) લોર્ડ કોર્નવોલિસ **(C) લોર્ડ મેકોલ** (D) લોર્ડ હેસ્ટિંગ્ઝ

**6. કાયદાપંચના પ્રથમ પ્રમુખ કોણ હતા ?**

(A) લોર્ડ કર્ઝન (B) લોર્ડ ડેલહાઉસી (C) લોર્ડ ચેમ્સફર્ડ **(D) લોર્ડ મેકોલ**

**7. રાજ્યની પ્રાદેશિક હકૂમત દરિયામાં કેટલા માઈલ સુધી લંબાયેલી છે ?**

(A) 13 નોટિકલ માઈલ (B) 3 નોટિકલ માઈલ

(C) 6 નોટિકલ માઈલ **(D) 12 નોટિકલ માઈલ**

**8. IPC, 1860ની કઈ કલમ 'રાજયસેવક' ની વ્યાખ્યા આપે છે ?**

**(A) 21** (B) 22 (C) 23 (D) 24

**9. IPC, 1860 મુજબ જમીન અને જમીન સાથે જોડાયેલી વસ્તુઓનો સમાવેશ થાય છે ?**

(A) પૂર્ત મિલકત (B) જંગમ મિલકત **(C) સ્થાવર મિલકત** (D) એક પણ નહીં

**10. દસ્તાવેજની વ્યાખ્યા કઈ કલમમાં છે ?**

(A) 28 (B) 26 (C) 27 **(D) 29**

**11. ગુનાની વ્યાખ્યા IPCની કઈ કલમમાં છે ?**

**(A) 40** (B) 41 (C) 42 (D) 43

**12. 'ઈજા' શબ્દની વ્યાખ્યા IPCની કઈ કલમમાં છે ?**

(A) 46 (B) 45 (C) 47 **(D) 44**

**13. શિક્ષા ભારતીય ફોજદારી ધારામાં કયા પ્રકરણ હેઠળ છે ?**

(A) પ્રકરણ - 4 (B) પ્રકરણ - 5 (C) પ્રકરણ - 2 **(D) પ્રકરણ - 3**

**14. કેદની સજાના કેટલા પ્રકાર છે ?**

(A) 4 **(B) 2** (C) 5 (D) 1

**15. કેટલા સમયથી વધુ એકાંત કેદ થઈ શકે નહીં ?**

(A) 1 મહિનો (B) 2 મહિના (C) એક પણ નહીં **(D) 3 મહિના**

**16. સામાન્ય અપવાદો IPCના કયા પ્રકરણમાં છે ?**

(A) પ્રકરણ - 5 (B) પ્રકરણ - 2 **(C) પ્રકરણ - 4** (D) પ્રકરણ - 3

**17. સામાન્ય અપવાદો IPC ની કઈ કલમ આવરી લે છે ?**

(A) 86 થી 116 (B) 76 થી 106 (C) 76 થી 116 **(D) 96 થી 106**

# ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (IPC) ના વનલાઈનર પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૧. | ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ કોના દ્વારા રચવામાં આવ્યો? | લોર્ડ મેકોલે |
| ૨. | IPC માં કુલ કેટલા પ્રકરણો છે? | ૨૩ |
| ૩. | IPC નો મુસદ્દો ક્યારે રજૂ કરવામાં આવ્યો? | ૧૮૩૭ |
| ૪. | ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ ક્યારે અમલમાં આવ્યો? | ૬ ઓક્ટોબર ૧૮૬૦ |
| ૫. | IPCમાં કુલ કેટલી કલમો આપવામાં આવી છે? | ૫૧૧ |
| ૬. | ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ ક્યા રાજ્ય ઉપર લાગુ પડતો નથી? | જમ્મુ કાશ્મીર |
| ૭. | IPCમાં કુલ કેટલા પેટાપ્રકરણો આપેલા છે? | ૩ |
| ૮. | IPCમાં કલમ ૫૦૬ શેના માટે આપવામાં આવી છે? | ગુનાહિત માટે શિક્ષા |
| ૯. | બદનક્ષી માટેની શિક્ષા IPC ની કઈ કલમમાં આપવામાં આવી છે? | ૫૦૦ |
| ૧૦. | ગુના કરવાની કોશિશ IPC ના ક્યાં પ્રકરણમાં આપવામાં આવી છે? | પ્રકરણ ૨૩ |
| ૧૧. | બદનક્ષીની વ્યાખ્યા IPC ની કઇ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૪૯૯ |
| ૧૨. | જાનથી મારી નાખવાની ધમકી આપવી IPCની કઈ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૫૦૬-(૨) |
| ૧૩. | IPCમાં રાજદ્રોહ માટે કઈ કલમ આપવામાં આવી છે? | કલમ ૧૨૪-(A) |
| ૧૪. | IPCની કલમ ૪૧૫માં શેની જોગવાઈ કરવામાં આવી છે? | ઠગાઈની વ્યાખ્યા |
| ૧૫. | ઘરફોડની વ્યાખ્યા IPCની કઈ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૪૪૫ |
| ૧૬. | IPCમાં પ્રકરણ-૧ માં કેટલી કલમો આપવામાં આવી છે? | કલમ ૫ |
| ૧૭. | ભારતીય ફોજદારી ધારા કઈ કલમમાં વ્યક્તિની વ્યાખ્યા આપવામાં આવી છે? | કલમ ૧૧ |
| ૧૮. | જંગમ મિલકત કોને કહેવાય? | જે મિલકતને હેરવી-ફેરવી શકાય તેને |
| ૧૯. | જે કાયદો સમગ્ર ભારતને લાગુ પડતો નથી, પરંતુ ચોક્કસ વિસ્તારને લાગુ પડે છે તેને શું કહેવાય? | સ્થાનિક કાયદો |
| ૨૦. | IPCમાં જીવન શબ્દનો શો અર્થ થાય છે? | માનવજીવન |
| ૨૧. | IPCમાં ગુનાની વ્યાખ્યા કઈ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૪૦ |
| ૨૨. | કોઈ વ્યક્તિ પરિણીત સ્ત્રીને ભગાડી જાય તો કેટલી સજા થઈ છે? | ૨ વર્ષ |
| ૨૩. | રાજ્ય સેવકની વ્યાખ્યા કઈ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૨૧ |
| ૨૪. | IPCમાં કલમ-૨૯ શાને લગતી છે? | દસ્તાવેજ |
| ૨૫. | ખોટી બનાવટ કરવી IPC કઈ કલમમાં આપવામાં આવી છે? | કલમ ૨૮ |
| ૨૬. | IPCમાં પ્રકરણ-૨ માં શેની જોગવાઈ કરવામાં આવી છે? | સામાન્ય સ્પષ્ટીકરણ |

**2.**

# ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨
## The Law of Evidence, 1872 | 1 September, 1872

### ભાગ - ૧ હકીકતોની પ્રસ્તુતતા
### પ્રકરણ - ૧ : પ્રારંભિક (કલમ ૧ થી ૪)

કલમ : ૧ ટૂંકી સંજ્ઞા, વ્યાપકતા અને આરંભ.
કલમ : ૨ રદ.
કલમ : ૩ અર્થઘટનની કલમ.
કલમ : ૪ માની લઈ શકાય.

### પ્રકરણ - ૨ : હકીકતોની પ્રસ્તુતતા (કલમ ૫ થી ૫૫)

કલમ : ૫ વાદગ્રસ્ત હકીકતો અને સુસંગત હકીકતોનો પુરાવો આપવા બાબત.
કલમ : ૬ હોય તે હકીકતો પ્રસ્તુત છે એક જ બનાવના ભાગરૂપે છે
કલમ : ૭ વાદગ્રસ્ત હકીકતો માટે નિમિત્તરૂપ, કારણ અથવા પરિણામરૂપ હોય તેવી હકીકતો.
કલમ : ૮ હેતુ, તૈયારી અથવા આગળ પાછળની વર્તણૂક
કલમ : ૯ પ્રસ્તુત હકીકતોનો ખુલાસો કરવા અથવા તે પુરાવા તરીકે રજૂ કરવા માટે જરૂરી હકીકતો.
કલમ : ૧૦ સમાન યોજના સંબંધમાં કાવતરું કરનારે કહેલી કે કરેલી બાબતો.
કલમ : ૧૧ જે હકીકતો બીજી રીતે પ્રસ્તુત ન હોય તે ક્યારે પ્રસ્તુત બને છે.
કલમ : ૧૨ નુકસાનીના દાવામાં કોર્ટ જેનાં પરથી નુકસાનીની રકમ નક્કી કરે તે હકીકત પ્રસ્તુત છે.
કલમ : ૧૩ હક છુપાવવા રૂઢિનું અસ્તિત્વ વાદગ્રસ્ત હોય ત્યારે હકીકતો પ્રસ્તુત છે.
કલમ : ૧૪ માનસિક સ્થિતિ અથવા શારીરિક સ્થિતિ અથવા શારીરિક સંવેદનાનું અસ્તિત્વ દર્શાવતી હકીકતો.
કલમ : ૧૫ ઈરાદાપૂર્વક અથવા આકસ્મિક અસ્તિત્વ કયા સંજોગોમાં પ્રસ્તુત છે.
કલમ : ૧૬ દસ્તૂરના અસ્તિત્વની પ્રસ્તુતતા.
કલમ : ૧૭ સ્વીકૃતિ કે કબૂલાતની વ્યાખ્યા.
કલમ : ૧૮ કાર્યવાહીના કોઈ પક્ષકારે અથવા તેના એજન્ટે કરેલ સ્વીકૃતિ.
કલમ : ૧૯ એવી વ્યક્તિની સ્વીકૃતિ કે જેનો દરજ્જો દાવાના કોઈ પક્ષકારની વિરુદ્ધમાં છે એવું પુરવાર કરવું પડે.
કલમ : ૨૦ જેમના દાવાના પક્ષકારે તકરારી બાબતે સ્પષ્ટ માહિતી આપી ઉલ્લેખ કર્યો તે વ્યક્તિએ કરેલી સ્વીકૃતિ.
કલમ : ૨૧ સ્વીકાર કરનાર વ્યક્તિ વિરુદ્ધ અથવા તેમના વતીની સ્વીકૃતિની સાબિતી.
કલમ : ૨૨ દસ્તાવેજો બાબતે મૌખિક સ્વીકૃતિ ક્યારે પ્રસ્તુત ગણાય.
કલમ : ૨૨ (ક) / 22 (A) ઈલેક્ટ્રોનિક રેકર્ડની વિગત અંગે મૌખિક સ્વીકૃતિ સુસંગત છે.
કલમ : ૨૩ દીવાની દાવામાં સ્વીકૃતિ ક્યારે પ્રસ્તુત ગણાય.
કલમ : ૨૪ ફોજદારી કાર્યવાહીમાં પ્રલોભન, ધમકી અથવા વચન ઉપરથી કરેલી કબૂલાત ક્યારે અપ્રસ્તુત ગણાય.
કલમ : ૨૫ પોલીસ રૂબરૂ કરેલી કબૂલાત સાબિત કરી શકાશે નહિ.
કલમ : ૨૬ પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આરોપીએ કરેલી કબૂલાત તેની વિરુદ્ધ સાબિત કરી શકાશે નહિ.
કલમ : ૨૭ આરોપી પાસેથી મળેલી માહિતીનો કેટલો ભાગ સાબિત કરી શકાશે.
કલમ : ૨૮ પ્રલોભન, ધમકી અથવા વચનથી મન ઉપર થયેલી અસર દૂર થયા પછી કરેલી કબૂલાત પ્રસ્તુત છે.
કલમ : ૨૯ કબૂલાત બીજી રીતે પ્રસ્તુત હોય તો તે ગુપ્ત રાખવાના વચનને કારણે અપ્રસ્તુત બનતી નથી.
કલમ : ૩૦ એક જ ગુનાના સહઆરોપીઓ પૈકી એક આરોપીએ કરેલી કબૂલાત તે પુરાવામાં ગ્રાહ્ય હતી. કબૂલાત કરનાર આરોપી તથા સહઆરોપી ઉપર થતી અસર કરતી અને સાબિત થયેલી કબૂલાતની વિચારણા.
કલમ : ૩૧ સ્વીકૃતિ એ નિર્ણાયક સાબિતી નથી પરંતુ તે પ્રતિબંધ તરીકે અમલમાં આવી શકે.

## પ્રકરણ - ૧ : પ્રારંભ (કલમ ૧ થી ૪)

**કલમ - ૧ : ટૂંકુ નામ, વ્યાપકતા અને આરંભ**

➥ આ કાયદાને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ કહેવાશે.

➥ આ કાયદાનો અમલ ૧લી સપ્ટેમ્બર ૧૮૭૨.

➥ આ કાયદો લશ્કરી કોર્ટ(માર્શલ ઓફ લો) સિવાયની તમામ લશ્કરી તથા અન્ય કોર્ટોમાં કાર્યવાહી માટે લાગુ પડશે.

➥ આ કાયદો સોગંદનામાં એટલે એફિડેવિટ અથવા કોઈ દાવા સમક્ષ ચાલતી કાર્યવાહીમાં લાગુ પડશે નહીં.

**કલમ - ૨ : રદ**

**★કલમ - ૩ : પારિભાષિક શબ્દોના અર્થઘટન**

(૧) **ન્યાયાલય :** એટલે કે કોર્ટ ન્યાયાલય શબ્દમાં તમામ ન્યાયાધીશનો અને મેજિસ્ટ્રેટનો અને જેમને કાયદા મુજબ પુરાવો લેવાનો અધિકાર હોય તેવી લવાદ સિવાયની તમામ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

➥ **સરળ સમજૂતી :** જેમને દેશના અથવા રાજ્યના કોઇ કાયદાથી ન્યાય કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે તેવી વ્યકિતઓ એટલે કે ન્યાયાધીશ મેજિસ્ટ્રેટ વગેરે.

(૨) **હકીકત :** આપણી ઇન્દ્રિયો એટલે કે આંખ, કાન, નાક, જીભ તથા સ્પર્શ ઇન્દ્રિયો દ્વારા જે કંઈ માહિતી મળે છે તેને હકીકત કહે છે.

➥ **સરળ સમજૂતી :** જ્યારે આપણે કોઈ વાત કાન દ્વારા સાંભળીયે છીએ અને આપણા મગજને જે માહિતી મળે છે તે હકીકત છે, આપણે જ્યારે કોઈ વસ્તુ જોઈએ છીએ અને આપણા મગજને જે માહિતી મળે છે તે હકીકત છે એટલે કે આપણી આજુબાજુ જે ઘટના, જે બનાવો બને છે અને તેની માહિતી આપણા મગજને મળે છે તે માહિતી હકીકત કહેવાય.

★(૩) **પ્રસ્તુત હકીકત :** પ્રસ્તુત હકીકત એટલે એક હકીકત બીજી હકીકત સાથે સંકળાયેલી હોય ત્યારે તે હકીકતને પ્રસ્તુત કહેવાય છે.

➥ **સરળ સમજૂતી :** જ્યારે કોઈ બે અલગ-અલગ ઘટનાઓ કે કોઈ અલગ-અલગ વાતો કે કોઈ અલગ-અલગ કિસ્સાઓની માહિતી આપણી પાસે હોય અને તે એકબીજા સાથે સંકળાયેલી હોય તેવી માહિતીને પ્રસ્તુત હકીકત કહે છે.

➥ **ઉદાહરણ :** મનીષ નામનો એક વ્યક્તિ ધોરણ-૧૦માં તમારી સાથે ભણતો હતો, તે તમને યાદ છે તથા થોડા સમય બાદ જ્યા તમે નોકરી કરો છો ત્યાં તે તમારો અધિકારી થઈને આવે છે ત્યારે તમને તરત યાદ આવી જાય છે કે અધિકારી મારી સાથે ધોરણ ૧૦ માં ભણતો હતો, તો અલગ અલગ બે હકીકત એટલે કે માહિતી જયા જોડાય છે તેવી જોડતી હકીકતને પ્રસ્તુત કહે છે.

(૪) **વાદગ્રસ્ત હકીકત :** વાદગ્રસ્ત હકીકત એટલે કે જે હકીકત સાબિત કરવાથી કોઇ આરોપીને સજા કરી શકાય અથવા જો ફરિયાદી તે હકીકત સાબિત ન કરી શકે તો આરોપીને સજા ન થાય તેવી હકીકત ને વાદગ્રસ્ત કહે છે મોટે ભાગે અદાલત માં બંને પક્ષના વકીલો દ્વારા જે સામ-સામી દલીલો કરવામાં આવે છે તે દલીલ હજુ પુરવાર થઇ ન હોય અને હજુ કોર્ટમાં રજૂઆત શરૂ હોય તેને વાદગ્રસ્ત હકીકત કહે છે.

➥ **ઉદાહરણ :** મનીષ દ્વારા જયેશનું ખૂન કરવામાં આવ્યું છે તે બાબતે કોર્ટમાં બંને પક્ષના વકીલો દ્વારા સામસામી દલીલો શરૂ છે અને પુરાવા રજુ કરવાનું કામ શરૂ છે અને હજુ બીજા પુરાવા અને દલીલો બાકી છે એટલે કે કાર્યવાહીની અધવચ્ચે શું ખૂન મનીષે જ કર્યુ છે કે નહીં તે હકીકત વાદગ્રસ્ત હકીકત છે. એટલે તે હકીકત(આરોપ) પર વાદવિવાદ શરૂ છે માટે તે વાદગ્રસ્ત હકીકત છે.

★(૫) **દસ્તાવેજ :** કોઇ પણ લેખિત દાખલો રાખવા માટે ઉપયોગમાં લઇ શકાય તેવા અંકો, અક્ષરો, કે ચિન્હોને દસ્તાવેજ કહેવાય.

# ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ના પૂછાયેલા પ્રશ્નો

**(1) 'દસ્તાવેજ' ની વ્યાખ્યામાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) શિલાલેખ
(B) ધાતુપત્ર
(C) મુદ્રિત સામગ્રી
**(D) ઉપરના તમામ (A), (B) અને (C)**

**(2) ગૌણ (Secondary) પુરાવો નીચેનામાંથી કયા સંજોગોમાં રજૂ કરી શકાય? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) જ્યારે મૂળ દસ્તાવેજનો નાશ થઈ ગયો હોય
(B) જ્યારે મૂળ દસ્તાવેજ સામા પક્ષકાર પાસે હોય
(C) જ્યારે મૂળ દસ્તાવેજનો ખોવાઈ ગયો હોય
**(D) ઉપરના તમામ (A), (B) અને (C)**

**(3) હકીકત (FACT) શબ્દનો નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થાય છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) કોઈ વ્યક્તિ અમુક શબ્દ બોલ્યો
(B) કોઈ વ્યક્તિએ કંઈક સાંભળ્યું અથવા જોયું
(C) કોઈ વ્યક્તિની અમુક પ્રતિષ્ઠા
**(D) ઉપરના તમામ (A), (B) અને (C)**

**(4) ઈન્સાફી કાર્યવાહી કયા તબક્કે સૂચક પ્રશ્ન પૂછવામાં આવે છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) પુનઃ તપાસ સમયે
(B) સર તપાસ સમયે
**(C) ઉલટ તપાસ સમયે**
(D) સર તપાસ અને પુનઃ તપાસમાં

**(5) ભારતના પુરાવાના કાયદાના સંદર્ભે, નીચેનામાંથી સહતહોમતદાર કોને ગણી શકાય? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) ગુનાને નજરે જોનાર
(B) ગુનાની જગ્યા પર નિવાસ કરનાર
(C) ગુનો થયાની માહિતી હોવા છતાં પોલીસને જાણ ન કરનાર
**(D) ગુનામાં સાથ આપનાર કે ભાગીદાર**

**(6) ભારતના પુરાવાના કાયદાની કલમ-૩૨ (૧) અન્વયે કરવામાં આવેલ મરણોત્તર નિવેદન (Dying Declaration) નીચેમાંથી કઈ કાર્યવાહીમાં ગ્રાહ્ય ગણાય છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) દિવાની કાર્યવાહી
(B) ફોજદારી કાર્યવાહીમાં
**(C) (A) અને (B) બંન્નેમાં**
(D) ઉપરમાંથી કોઈનામાં નહીં

**(7) ભારતના પુરાવાના કાયદા સંદર્ભે, સર તપાસ એટલે શું? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) સાક્ષીને પુરાવા સાથે બોલાવી તપાસ કરવી
(B) સાક્ષીને સોગંદ પર તપાસ કરવી
**(C) સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા તેની તપાસ**
(D) ઉપરના તમામ

**(8) 'હકીકત' એટલે શું? (કોન્સ્ટેબલ - ૨૦૧૫)**

(A) ઈન્દ્રિયગોચર વસ્તુ, વસ્તુઓની સ્થિતિ અથવા વસ્તુઓનો સંબંધ
(B) કોઈ વ્યક્તિને જેનું ભાન હોય તેવી મનની સ્થિતિ
**(C) A અને B બંને**
(D) ફક્ત A

**(9) નીચેનામાંથી કયું વાક્ય સાચું છે? (કોન્સ્ટેબલ - ૨૦૧૫)**

(P) લખાણ એ દસ્તાવેજ છે.
(Q) મુદ્રિત લિથો કરેલ અથવા ફોટો પાડેલ શબ્દો દસ્તાવેજ છે.

(A) ફક્ત P સાચું છે.
(B) ફક્ત Q સાચું છે.
(C) P અને Q કોઈ સાચા નથી
**(D) P અને Q બંને સાચા છે**

# 3. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩
## The Code of Criminal Procedure, 1973 | 1 April, 1974

### પ્રકરણ - ૧ : પ્રારંભિક

**કલમો**

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૨. વ્યાખ્યા.

૩. ઉલ્લેખોનું અર્થઘટન.

૪. ભારતના ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી.

૫. અપવાદ.

### પ્રકરણ - ૨ : ફોજદારી ન્યાયાલયો અને કચેરીઓની રચના

૬. ફોજદારી ન્યાયાલયોના કાર્યો.

૭. પ્રાદેશિક વિભાગો.

૮. મેટ્રોપોલિટન વિસ્તારો.

૯. સેશન્સ ન્યાયાલય.

૧૦. મદદનીશ સેશન્સ જજ કોની સત્તા નીચે રહેશે તે બાબત.

૧૧. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના ન્યાયાલયો.

૧૨. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને વધારાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વગેરે.

૧૩. સ્પેશિયલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટો.

૧૪. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટોની સ્થાનિક હકુમત.

૧૫. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટો કોની સત્તા નીચે રહેશે તે બાબત.

૧૬. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટોના ન્યાયાલયો.

૧૭. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અને વધારાના ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ.

૧૮. સ્પેશિયલ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ.

૧૯. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોની સત્તા નીચે રહેશે તે બાબત.

૨૦. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટો.

૨૧. સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ.

૨૨. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની સ્થાનિક હકૂમત.

૨૩. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોની સત્તા નીચે રહેશે તે બાબત.

૨૪. પબ્લિક પ્રોસિક્યુટર.

૨૫. મદદનીશ પબ્લિક પ્રોસિક્યુટર.

૨૫ (ક) / 25 (A) ફોજદારી કાર્યવાહી માટેના નિયામકનું મંડળ અથવા કાર્યાલય.

### પ્રકરણ - ૩ : ન્યાયાલયોની સત્તા

૨૬. ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકનાર ન્યાયાલયો.

૨૭. બાળ ગુનેગારોની બાબતમાં હકૂમત.

૨૮. ઉચ્ચ ન્યાયાલયો અને સેશન્સ જજ ફરમાવી શકે તે સજા.

# ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩
## The Code of Criminal Procedure, 1973 (CRPC) | 1 April, 1974

➥ **કાયદાનો પરિચય :**

જ્યારે કોઇ ગુનો બને ત્યારે ગુનાની ફરિયાદ ભારતીય ફોજદારી અધિનિયમ -૧૮૬૦ (IPC) હેઠળની કલમો અંતર્ગત નોંધાય છે. આવેલ ફરિયાદ અન્વયે પોલીસને જે કાર્યવાહી કરવાની છે તે તમામ CRPCમાં આપેલ છે તથા આ કાયદામાં અદાલતોના પ્રકાર અને તેમની સત્તા વગેરે આપેલ છે તથા ગુના બન્યા બાદ તેની સંપૂર્ણ તપાસ કરી અદાલતમાં ન્યાય માટે તે કેસને મોકલી આપવા સુધીની કાર્યવાહી આ કાયદામાં છે. ત્યાર બાદ કોર્ટની કાર્યવાહી પુરાવા અધિનિયમ અંતર્ગત થશે.

➥ **CRPCની મહત્વની જોગવાઈઓ-**

(૧) **F.I.R**- ફસ્ટ ઇન્ફોર્મેશન રીપોર્ટ (પ્રથમ માહિતી અહેવાલ)

(૨) **CRPC**-નો કાયદો એક પ્રોસિઝર છે એટલે કે પોલીસને અને ન્યાયાધીશોને કેસ બાબતે કરવાની પ્રકિયા. CRPCમાં જામીન કેમ લેવા, અલગ અલગ કોર્ટની સત્તા, પોલીસ દ્વારા અટકાયત અથવા પોલીસ તપાસ વગેરેની પ્રોસિઝર (પ્રકિયા)ઓ આપેલ છે (આ કાયદો પ્રોસિઝરનો કાયદો હોવાથી ઉદાહરણ અને સરળ સમજુતીની પણ ઓછી જરૂર પડે)

(૩) **મોટે ભાગે જામીન બે પ્રકારે લઇ શકાય છે**

**(A) જાત મુચરકો** : એટલે કે જામીન લેવા માટે બીજા કોઇ વ્યકિતને નહી પણ પોતે જ પોતાનો જામીન થાય અને જામીન મળે તેને જાત મુચરકો કહે છે. (ઓછા ગંભીર ગુનામાં આવા જામીન આપવામાં આવે છે.)

**(B) જામીન લેવા** : એટલે કોર્ટ કોઇ વ્યકિત પર કોઇ ગુનાનો આરોપ હોય તેવા વ્યકિતને કાર્યવાહીમાં જરૂર જણાય ત્યારે હાજર રહેવાની શરતે તે આરોપી વતી અન્ય કોઇ બાંહેધરી આપે તે વ્યકિત જામીન થયો કહેવાય અને કોર્ટ તે જામીન રહેનાર વ્યકિત પાસે અમુક રૂપિયાનો બોન્ડની લેખિત બાંહેધરી માંગશે એટલે કે આરોપી કાર્યવાહીમાં હાજર ન રહે તો જામીન થયેલ વ્યકિત પાસે કોર્ટ જેટલી રકમની બાહેધરી માંગી હતી(બોન્ડ) તે રકમ ભરવા તે જામીનને હુકમ કરશે.

(૪) **સુલેહ શાંતિની જામીનગીરી લેવી એટલે કે** - જ્યારે કોઇ વ્યકિત પર જાહેર સુલેહ શાંતિ વિરુદ્ધનો ગુનો નોંધાયો હોય અથવા ગુનો સાબીત થયો હોય, તેવા ગુનાનો આરોપ હોય તેવા વ્યકિતની કોર્ટ બાંહેધરી લેશે કે તે જામીન પર બહાર જઈને આવો ગુનો નહી કરે તે માટે જામીનગીરી રૂપે કોર્ટ અલગ અલગ રકમના બોન્ડ ભરાવશે.

➥ **ઉદાહરણ :** અબ્દુલ પર હુલ્લડનો આરોપ છે, પોલીસ તેની ધરપકડ કરે છે. અબ્દુલ કોર્ટ પાસે જામીન પર મુકત થવાની અરજી કરે છે. તેવા સમયે કોર્ટ અબ્દુલને તપાસમાં જ્યારે જરૂર પડે ત્યારે હાજર રહેવાના અને જામીન પર મુકત થયા પછી કોઇ ગુનો નહિ કરે તેવી બાંહેધરી માંગશે અબ્દુલનો જામીન રહીમ છે તો કોર્ટ રહીમ પાસે અબ્દુલના જામીન થવા માટે ૫૦૦૦નો બોન્ડ માંગશે અને કાર્યવાહીમાં ગમે ત્યારે જરૂર પડે ત્યારે અબ્દુલને હાજર રહેશે એવી બાહેધરી રહીમ આપશે તેને જામીન થયા કહેવાય.

અને અબ્દુલ જામીન પર મુક્ત થયા પછી જો કોઇ સુલેહ શાંતિ વિરુદ્ધનો બીજો ગુનો કરે તો તેને જામીનની શરતોનો ભંગ કર્યો કહેવાય અને કોર્ટ રહીમ પાસે ૫૦૦૦ નો બોન્ડ વસુલ કરશે અને અબ્દુલના જામીન નામંજુર કરશે.

(૫) **ઝડતી** - એટલે તપાસ, તે વ્યકિતની અથવા કોઇ જગ્યાની પણ હોય શકે

(૬) **સમન્સ** - કોઇ તપાસ કે કેસના સંબંધમાં કોઇ વ્યકિતને હાજર રહેવા માટે જાણ કરતો કાગળ

(૭) **વોરંટ** - કોઇ તપાસ કે કાર્યવાહીમાં કોઇ વ્યકિતને પકડીને હાજર રાખવા માટેનો સરકારી કાગળ(હુકમ)

(૮) **હોસ્ટાઇલ સાક્ષી** - એટલે કે ફરી ગયેલ સાક્ષી

(૯) **આગોતરા જામીન** - પોતાના વિરુદ્ધ ધરપકડ થશે અથવા વોરંટ નીકળશે એવી આશંકા હોય ત્યારે વ્યકિત તે ધરપકડથી બચવા માટે આગોતરા જામીનની અરજી કરે છે.

(૧૦) **ચાર્જશીટ** - જ્યારે પોલીસ કોઇ ગુના અંગે પૂરતી તપાસ કરીને મેળવેલ તમામ માહિતીને ચાર્જશીટ સ્વરૂપે કોર્ટને ન્યાય કરવા માટે સોંપે છે.

(૧૧) **પોલીસ ડાયરી / કેસ ડાયરી** - પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી રોજબરોજ અલગ-અલગ કેસ બાબતની માહિતી પોતાની નોંધ માટે જે ડાયરીમાં લખે તેને કેસ ડાયરી કહે છે.

## પ્રકરણ - ૧ : પ્રારંભિક (કલમ ૧ થી ૫)

### કલમ - ૧ : ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને પ્રારંભ

➥ આ કાયદો ૧, એપ્રિલ ૧૯૭૪થી અમલમાં આવ્યો.

➥ આ કાયદો સમગ્ર ભારતમાં લાગુ પડે છે.

➥ પરંતુ આ કાયદાના પ્રકરણ ૮, ૧૦ તથા ૧૧ની જોગવાઈઓ

૧. નાગાલેન્ડ તથા

૨. આદિજાતિ વિસ્તારમાં લાગુ પડતી નથી. (આસામના આદિજાતિ વિસ્તારો)

➥ પરંતુ રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડી સમગ્ર નાગાલેંડ તથા આદિજાતિ વિસ્તારોમાં અથવા તેના થોડાક ભાગમાં CRPC લાગુ કરી શકશે.

### ★કલમ - ૨ : વ્યાખ્યાઓ (મોટા ભાગની વ્યાખ્યાઓ સરળ સમજૂતી કરીને સરળ ભાષામાં જ આપેલી છે)

**(ક) જામીનપાત્ર ગુનો :** આ કાયદાની પહેલી અનુસૂચિમાં જામીન લઇ શકાય તેવા ગુનાઓ દર્શાવેલ છે અથવા બીજા કોઇ કાયદા મુજબ જામીન લઇ શકાય તેવા ગુનાને જામીની તથા જામીનપાત્ર ગુનો કહેવાય.

**(ખ) તહોમત :** એટલે ગુનાનું શિર્ષક (આરોપ)

**(ગ) પોલીસ અધિકારનો ગુનો (કોગ્નીઝેબલ કેસ) :** પોલીસ વગર વોરંટે પકડી શકે તેવો ગુનો(ગંભીર ગુનાઓ દાત. ખૂન, લુંટ વગેરે)

**(ઘ) "ફરિયાદ"** એટલે કોઈ જ્ઞાત કે અજ્ઞાત વ્યક્તિએ અમુક ગુનો કર્યો છે એવા મેજિસ્ટ્રેટને આ અધિનિયમ હેઠળ તેમને પગલાં લેવા માટે કરાયેલો મૌખિક કે લેખિત આક્ષેપ, પરંતુ તેમાં કોઈ પોલીસ રિપોર્ટનો સમાવેશ થતો નથી.

➥ **સ્પષ્ટીકરણ :** પોલીસ તપાસ પછી પોલીસ અધિકાર બહારનો ગુનો થયેલો જણાય તે કેસમાં પોલીસ અધિકારીએ કરેલો રિપોર્ટ, ફરિયાદ ગણાશે; અને તે રિપોર્ટ કરનાર પોલીસ અધિકારી ફરિયાદી ગણાશે.

**(ચ) "ઉચ્ચ ન્યાયાલય" (હાઈકોર્ટ)**

એટલે-

(૧) કોઈ રાજ્યના સંબંધમાં, તે રાજ્ય માટેનું ઉચ્ચ ન્યાયાલય.

(૨) રાજ્ય માટેના ઉચ્ચ ન્યાયાલયની હકૂમત કાયદાથી જે સંઘ રાજ્યક્ષેત્ર સુધી વિસ્તારેલ હોય તે રાજ્યક્ષેત્રના સંબંધમાં, તે ઉચ્ચ ન્યાયાલય.

**(છ) "ભારત"** એટલે આ અધિનિયમ જેને લાગુ પડે છે તે રાજ્યક્ષેત્રો.

**★કલમ - ૯૧ : દસ્તાવેજ કે અન્ય વસ્તુ રજૂ કરવાનું સમન્સ**

➥ કોઇ કોર્ટ અથવા પોલીસ અધિકારીને ન્યાયિક કાર્યવાહી અથવા પોલીસ તપાસ દરમિયાન પોલીસ અધિકારીને એમ લાગે કે કેસ માટે કોઇ દસ્તાવેજની જરૂર છે અને તે કોઇ પાસે છે તે વ્યકિતને દસ્તાવેજ રજૂ કરવા માટે સમન્સ કાઢી શકે છે. (દસ્તાવેજ લઇ હાજર રહેવાનો હુકમ)

➥ સમન્સ કાઢ્યા બાદ તે વ્યકિતએ અથવા તેના વતી અન્ય વ્યકિતએ દસ્તાવેજ લઇ હાજર રહેવુ ફરજિયાત છે.

**કલમ - ૯૨ : પત્રો અને તારો અંગેની કાર્યવાહી કરવા**

(૧) કોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સેશન્સ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયાલયના અભિપ્રાય મુજબ ટપાલ અને તાર ખાતાના અધિકારીઓના કબજામાંના કોઈ દસ્તાવેજ, પાર્સલ કે વસ્તુ આ અધિનિયમ હેઠળની કોઈ પોલીસ-તપાસ, તપાસ, ઈન્સાફી કે અન્ય કાર્યવાહી માટે જરૂરી હોય તો તે મેજિસ્ટ્રેટ કે ન્યાયાલય આદેશ આપે તે વ્યક્તિને તેવો દસ્તાવેજ, પાર્સલ કે વસ્તુ સોંપી દેવા, યથાપ્રસંગ, ટપાલ કે તાર ખાતાના અધિકારીઓને તે મેજિસ્ટ્રેટ કે ન્યાયાલય આદેશ આપે તે વ્યક્તિને તેવો દસ્તાવેજ, પાર્સલ કે વસ્તુ સોંપી દેવા, યથાપ્રસંગ, ટપાલ કે તાર ખાતાના અધિકારીઓને તે મેજિસ્ટ્રેટ કે ન્યાયાલય ફરમાવી શકશે.

(૨) કોઈ બીજા એક્ઝીક્યુટિવ કે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અથવા કોઈ પોલીસ કમિશનર કે જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના અભિપ્રાય મુજબ એવો કોઈ દસ્તાવેજ, પાર્સલ કે વસ્તુ એવા હેતુ માટે જરૂરી હોય તો, તેઓ યથાપ્રસંગ, ટપાલ કે તાર ખાતાના અધિકારીઓને તે દસ્તાવેજ, પાર્સલ, કે વસ્તુની તલાશ કરાવી તેને પેટા-કલમ (૧) હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કે ન્યાયાલયનો હુકમ થતાં સુધી અટકાવી રાખવા ફરમાવી શકશે.

**★કલમ - ૯૩ : ઝડતી વોરંટ (સર્ચવોરંટ) ક્યારે કાઢી શકાય**

➥ કોર્ટ ને એમ લાગે કે કલમ-૯૧ મુજબ સમન્સથી દસ્તાવેજ રજૂ કરવાનો હુકમ કરવા છતાં દસ્તાવેજ રજૂ ન કરે ત્યારે કોર્ટ તે દસ્તાવેજ મેળવવા માટે દસ્તાવેજનો ઝડતી(સર્ચ) વોરન્ટ(દસ્તાવેજ શોધી લાવવા વોરંટ) કાઢશે.

➥ ઝડતી વોરન્ટ કોઇ જગ્યા અથવા જગ્યાનો કોઇ ભાગમાં દસ્તાવેજની શોધ કરવા માટે જડતી વોરન્ટ કરવા આપશે.

➥ જ્યારે ઝડતી ટપાલ કે તાર ખાતાના અધિકારીઓની કસ્ટડીમાંથી કોઇ દસ્તાવેજ, પાર્સલ કે બીજી વસ્તુની લેવાની હોય ત્યારે કલેકટર અથવા ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ જ આવી ઝડતીનો હુકમ કરી શકશે.

**★કલમ - ૯૪ : જ્યાં ચોરીનો માલ, બનાવટી દસ્તાવેજ વગેરે હોવાનો શક જાય તે જગ્યાની ઝડતી કોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ, ડેપ્યુટી કલેકટર કે પહેલા વર્ગના મેજિસ્ટ્રેટને કોઈ બાતમીના આધારે તપાસ કર્યા પછી એમ જણાય કે કોઈ જગ્યાએ ચોરીનો માલ અથવા કોઈ વાંધાજનક વસ્તુઓ છે તો કોન્સ્ટેબલથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીને ઝડતી વોરંટ આપી શકાશે અને તે નીચે મુજબના અધિકાર આપવામાં આવશે**

૧. જોઇતી સહાય મેળવવાનો અધિકાર.

૨. તે જગ્યામાં પ્રવેશ કરવાનો અધિકાર.

૩. વોરંટમાં દર્શાવ્યા પ્રમાણે તે જગ્યાની ઝડતી લેવાનો અધિકાર.

૪. ચોરીનો માલ અથવા કોઈ વાંધાજનક વસ્તુઓ મળી આવે તો તેને કબજામાં લેવાનો અધિકાર.

૫. ચોરીના માલ સાથે મળી આવેલ ગુનેગારોને મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવામાં આવે ત્યાં સુધી પોતાની ચોકી-પહેરામાં રાખવાનો અધિકાર.

➥ નીચે મુજબની વસ્તુઓ વાંધાજનક વસ્તુઓ ગણાય છે.

૧. બનાવટી સિક્કા

૨. બનાવટી ચલણી નોટો

૩. બનાવટી સ્ટેમ્પ

## (સી) ઈન્સાફી કાર્યવાહીની સમાપ્તિ

**કલમ - ૨૪૮ :** નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અથવા દોષિત ઠરાવવા બાબત.

**કલમ - ૨૪૯** : ફરિયાદીની ગેરહાજરી.

**કલમ - ૨૫૦ :** વાજબીકરણ સિવાયના આરોપ માટે વળતર.

## પ્રકરણ - ૨૦ : મેજિસ્ટ્રેટોએ કરવાની સમન્સની કેસોની ઈન્સાફી કાર્યવાહી (કલમ ૨૫૧ થી ૨૫૯)

**કલમ - ૨૫૧ :** આરોપનો સારાંશ જણાવવો.

**કલમ - ૨૫૨ :** ગુનાની કબૂલાત થયે દોષિત ઠરાવવા બાબત.

**કલમ - ૨૫૩ :** નજીવા કેસોમાં હાજર થયા વિના ગુનો કબૂલ થયે દોષિત ઠરાવવા બાબત.

**કલમ - ૨૫૪ :** દોષિત ઠરાવવામાં ન આવે ત્યારે કાર્યરીતિ.

**કલમ - ૨૫૫ :** નિર્દોષ કે દોષિત ઠરાવવા બાબત.

**કલમ - ૨૫૬** : ફરિયાદીની ગેરહાજરી કે મૃત્યુ.

**કલમ - ૨૫૭ :** ફરિયાદ પાછી ખેંચી લેવા બાબત.

**કલમ - ૨૫૮ :** કેટલાક પ્રસંગે કાર્યવાહી બંધ રાખવાની સત્તા.

**કલમ - ૨૫૯ :** સમન્સ કેસોને વોરંટ કેસોમાં ફેરવવાની ન્યાયાલયની સત્તા.

## પ્રકરણ - ૨૧ : સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી (કલમ ૨૬૦ થી ૨૬૫)

**કલમ - ૨૬૦ :** સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા.

**કલમ - ૨૬૧** : બીજા વર્ગના મેજિસ્ટ્રેટે સંક્ષિપ્ત કાર્યવાહી કરવા બાબત.

**કલમ - ૨૬૨ :** સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી માટેની કાર્યરીતિ.

**કલમ - ૨૬૩ :** સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહીમાં રાખવાની નોંધ.

**કલમ - ૨૬૪ :** સંક્ષિપ્ત રીતે થયેલ ઈન્સાફી કાર્યવાહીના કેસોમાં ફેંસલો.

**કલમ - ૨૬૫ :** નોંધણી અને ફેંસલાની ભાષા.

## પ્રકરણ - ૨૨ : જેલમાં કેદ રખાયેલ કે અટકાયતમાં રખાયેલ વ્યક્તિઓને હાજર કરવા વિશે (કલમ ૨૬૬ થી ૨૭૧)

**કલમ - ૨૬૬** : વ્યાખ્યા.

**કલમ - ૨૬૭ :** કેદીઓને હાજર કરવા ફરમાવવાની સત્તા.

**કલમ - ૨૬૮** : કલમ ૨૬૭ના અમલમાંથી અમુક વ્યક્તિઓને બાકાત રાખવાની રાજ્ય સરકારની સત્તા.

**કલમ - ૨૬૯ :** જેલના ઈન્ચાર્જ અધિકારીએ અમુક પ્રસંગોએ હુકમનો અમલ નહિ કરવા બાબત.

**કલમ - ૨૭૦ :** કેદીને ન્યાયાલય સમક્ષ કસ્ટડીમાં લાવવા બાબત.

**કલમ - ૨૭૧ :** જેલમાં સાક્ષીની જુબાની લેવા માટે કમિશન કાઢવાની સત્તા.

## પ્રકરણ - ૨૩ : તપાસ અને ઈન્સાફી કાર્યવાહીમાં પુરાવો (કલમ ૨૭૨ થી ૨૯૯)

### (એ) પુરાવો લેવાની અને નોંધવાની રીત

**કલમ - ૨૭૨ : ન્યાયાલયોની ભાષા.**

**કલમ - ૨૭૩ : પુરાવો આરોપીની હાજરીમાં લેવા બાબત**

➥ પુરાવો આરોપીની હાજરીમાં અથવા તેની હાજરી જરૂરી ગણવામાં ન આવે ત્યારે તેના વકીલની હાજરીમાં લેવા જોઈશે એવી જોગવાઈ કરી છે, તથા ૧૮ વર્ષથી નીચેની ઉંમરની મહિલા કે જેનો પર બળાત્કાર થયો છે અથવા જેના પર કોઇ જાતીય અપરાધ અથવા અન્ય કોઈ અપરાધ કરાયો છે તેનો પુરાવો નોંધવાનો હોય ત્યાં કોર્ટ આવી જોગવાઈ કરશે કે આવી વ્યક્તિ આરોપીનો સામનો ન કરે પરંતુ એમ પગલાં લેશે કે જેથી આરોપીનો ઉલટતપાસનો હક રહે.

**કલમ - ૨૭૩ :** પુરાવો આરોપીની હાજરીમાં લેવા બાબત.

**કલમ - ૨૭૪ :** સમન્સ કેસો અને તપાસમાં રેકર્ડ.

**કલમ - ૨૭૫ :** વોરંટ કેસોમાં રેકર્ડ.

**કલમ - ૨૭૬ :** સેશન્સ ન્યાયાલય સમક્ષની ઈન્સાફી કાર્યવાહીનું રેકર્ડ.

**કલમ - ૨૭૭ :** પુરાવો લખવા માટેની ભાષા.

**કલમ - ૨૭૮ :** એવો પુરાવો પૂરો થાય તે સંબંધી કાર્યરીતિ.

**કલમ - ૨૭૯ :** આરોપીને અથવા તેના વકીલને પુરાવો સમજાવવા બાબત.

**કલમ - ૨૮૦ :** સાક્ષીના વર્તન અંગે વિશેષ નોંધ.

**કલમ - ૨૮૧ :** આરોપીની જુબાનીની નોંધ.

**કલમ - ૨૮૨ :** દુભાષિયો સાચી રીતે સમજાવવા બંધાયેલ હોવા બાબત.

**કલમ - ૨૮૩ :** ઉચ્ચ ન્યાયાલયમાં રેકર્ડ.

### (બી) સાક્ષીઓ તપાસવા માટેના કમિશનો

**કલમ - ૨૮૪ :** ક્યારે સાક્ષીને હાજર રહેવામાંથી મુક્તિ આપી શકાય અને કમિશન કાઢી શકાય.

**કલમ - ૨૮૫ :** કોના ઉપર કમિશન મોકલવું તે બાબત.

**કલમ - ૨૮૬ :** કમિશનની બજવણી.

**કલમ - ૨૮૭ :** પક્ષકારો સાક્ષીઓને તપાસી શકાશે.

**કલમ - ૨૮૮ :** કમિશન પરત કરવા બાબત.

**કલમ - ૨૮૯ :** કાર્યવાહી મોકૂફ રાખવા બાબત.

**કલમ - ૨૯૦ :** વિદેશી કમિશનોની બજવણી.

**કલમ - ૨૯૧ :** તબીબી સાક્ષીની જુબાની.

**કલમ - ૨૯૨ :** ટંકશાળના અધિકારીઓનો પુરાવો.

**કલમ - ૨૯૩ :** કેટલાક સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાંતોના રિપોર્ટ.

**કલમ - ૨૯૪ :** કેટલાંક દસ્તાવેજોની વિધિસર સાબિતી બિનજરૂરી.

**કલમ - ૨૯૫ :** રાજ્ય સેવકના વર્તનની સાબિતીમાં સોગંદનામું.

**કલમ - ૨૯૬ :** વિધિ પૂરતો પુરાવો સોગંદનામાથી આપવા બાબત.

**કલમ - ૨૯૭ :** જેની સમક્ષ સોગંદ ઉપર સોગંદનામા કરી શકાય તે સત્તાધિકારીઓ.

★**કલમ - ૨૯૮ :** અગાઉથી ગુના સાબિત કે નિર્દોષ છૂટકારો સાબિત કરવાની રીત

➥ **સરળ સમજૂતી :** જ્યારે કોઇ કેસમાં વ્યક્તિને નિર્દોષ છોડવાનો હોય તો તે કોર્ટના રેકર્ડની કસ્ટડી ધરાવતા અધિકારી પોતાની સહીથી છોડી મૂકવાના હુકમ પ્રમાણિત કરશે.

★**કલમ - ૨૯૯ : આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોધવા બાબત**

➥ જ્યારે કોઈ કેસનો આરોપી ફરાર થઈ ગયો હોય ત્યારે ફરિયાદ પક્ષને ન્યાય માટે કાર્યવાહીમાં ન્યાયાલય આરોપીની ગેરહાજરીમાં પણ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરાયેલ સાક્ષીઓ તથા પુરાવાને તપાસી જુબાની લઇ શકશે અને જો જુબાની આપનાર વ્યક્તિ કોર્ટમાં આવા અશક્તિમાન હોય, મૃત્યુ પામેલો હોય, અથવા જે સરળતાથી આવી શકે તેમ ના હોય (વિદેશમાં હોય) ત્યારે ફરાર આરોપી પકડાઈ ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી શરૂ થશે અને સાક્ષીઓના નિવેદન લેવાશે.

➥ કાર્યવાહી દરમિયાન કોઈ સાક્ષીએ જુબાની આપ્યા બાદ જો તે મૃત્યુ પામ્યો હોય તો તેને લખાવેલી જુબાની કોર્ટમાં પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાશે.

## પ્રકરણ - ૨૪ : તપાસ અને ઈન્સાફી કાર્યવાહી અંગે સામાન્ય જોગવાઈઓ (કલમ ૩૦૦ થી ૩૨૭)

**કલમ - ૩૦૦ : એક વખત દોષિત કે નિર્દોષ ઠરેલ વ્યકિત પર તે જ ગુના માટે કાર્યવાહી નહીં કરી શકાય**

➥ **સરળ સમજૂતી :** (૧) કોઇ વ્યકિત એક ગુનામા દોષિત ઠરે છે તો અને તેની સજા મળ્યા બાદ તેજ ગુના માટે ફરીથી તેના પર કાર્યવાહી કરી શકાશે નહીં.

➥ **ઉદાહરણ :** મહાવ્યથા પહોચાડવા માટે મનીષને દોષિત ઠરાવી સજા કરવામાં આવી અમુક સમય ગાળા બાદ મહાવ્યથા પામેલ વ્યકિત મુત્યુ પામે તો મનીષ પર હવે સાપરાધ મનુષ્યવધની કાર્યવાહી નહી કરી શકાય.

(૨) કોઈ વ્યકિતને કોઇ ગુનાના આરોપમાથી મુક્ત કરી દેવામાં આવ્યો હોય તો તે જ ગુના માટે ફરી વખત તેના પર કાર્યવાહી કરી શકાય નહી.

**કલમ - ૩૦૧ : ઈન્સાફી કાર્યવાહીમાં પબ્લિક પ્રોસીક્યુટરની હાજરી**

**કલમ - ૩૦૨ : ફોજદારી કામ ચલાવવાની પરવાનગી**

➥ **સરળ સમજૂતી :** ફોજદારી કામ ચલાવવુ એટલે કોર્ટમાં ફોજદારી કેસ ચલાવવાની કાર્યવાહી કરવી (મોટે ભાગે વકીલો આ કાર્યવાહી ચલાવતા હોય છે,)

➥ પરંતુ મેજીસ્ટ્રેટ ફોજદારી કાર્યવાહી ચલાવવા માટે PI થી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી, પબ્લિક પ્રોસીક્યુટર, મદદનીશ પબ્લિક પ્રોસીક્યુટર સિવાય અન્ય કોઇને કાર્યવાહી ચલાવવાની પરવાનગી આપી શકે નહિ.

**કલમ - ૩૦૩ : જેની વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય કે વ્યક્તિને પોતાનો બચાવ કરવાનો હક**

**કલમ - ૩૦૪ : કેટલાક કેસોમાં આરોપીને રાજ્યના ખર્ચે કાનૂની સહાય**

➥ સેશન્સ ન્યાયાલય સમક્ષની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીએ પોતાના વતી કોઈ વકીલને રોકેલ ન હોય અને ન્યાયાલયને એમ જણાય કે આરોપી પાસે વકીલ રોકવા માટે પૂરતી સગવડ નથી તો ન્યાયાલય રાજ્યના ખર્ચે તેના બચાવ માટે વકીલની લોકો જુએ છે

**કલમ - ૩૦૫ : જ્યારે કોર્પોરેશન કે નોંધાયેલ મંડળી આરોપી હોય ત્યારે.**

★**કલમ - ૩૦૬ : ગુનાના સહભાગીને માફી કે તાજના સાક્ષીને માફી આપવાની જોગવાઇ.**

**કલમ - ૩૦૭ : સજા માફીનો આદેશ કરવાની સત્તા.**

★**કલમ - ૩૦૮ : સજા માફીની શરતો નહી પાળનાર વ્યક્તિની ઈન્સાફી કાર્યવાહી.**

**કલમ - ૩૦૯ : કાર્યવાહી મુલતવી કે મોકૂફ રાખવાની સત્તા.**

## (ઘ) અમલ બજવણીના હુકમ સંબંધી સામાન્ય જોગવાઈઓ

**કલમ - ૪૨૫ : વોરંટ કોણ કાઢી શકશે.**

**કલમ - ૪૨૬ : નાસી છૂટેલ ગુનેગારને થયેલ સજાનો અમલ ક્યારે થશે તે બાબત.**

**કલમ - ૪૨૭ : બીજા ગુના માટેની સજા પામી ચૂકેલા ગુનેગારને સજા.**

**કલમ - ૪૨૮ : આરોપી અટકાયત હેઠળ હોય તે મુદત કેદની સજામાં નજરે લેવા બાબત.**

**કલમ - ૪૨૯ : અપવાદ.**

**કલમ - ૪૩૦ : સજાનો અમલ થયા પછી વોરંટ પાછું મોકલવા બાબત.**

**કલમ - ૪૩૧ : જે રકમ આપવાનો હુકમ કરવામાં આવેલ હોય તે દંડ તરીકે વસૂલ થવા બાબત.**

## (ચ) સજા મોકૂફ રાખવા, માફ કરવા અને ઘટાડવા બાબત

**કલમ - ૪૩૨ : સજા મોકૂફ રાખવાની કે માફ કરવાની સત્તા.**

**કલમ - ૪૩૩ : સજામાં ઘટાડો કરવાની સત્તા.**

**કલમ - ૪૩૩ (ક) / 433 (A) : કેટલાક કેસોમાં સજા માફ કરવાની અથવા તેમાં ઘટાડો કરવાની સત્તાઓ ઉપર નિયંત્રણ.**

**કલમ - ૪૩૪ : મોતની સજાની બાબતમાં કેન્દ્ર સરકારની સમવર્તી સત્તા.**

**કલમ - ૪૩૫ : કેટલાક કેસોમાં કેન્દ્ર સરકાર સાથે વિચાર વિનિમય કર્યા પછી રાજ્ય સરકારે કાર્ય કરવા બાબત**

**કલમ - ૪૩૫ (ક) / 435 (A) : ગુનેગારોની સજામાં ઘટાડો કરવાની રાજ્ય સરકારની સત્તા.**

## પ્રકરણ - ૩૩ : જામીન અને મુચરકા સંબંધી જોગવાઈઓ (કલમ ૪૧૩ થી ૨૭૧)

**★કલમ - ૪૩૬ : ક્યા કેસોમાં જામીન લઈ શકાય**

➥ કોઈ બિન જામીનપાત્ર ગુના સિવાય એટલે કે જામીનપાત્ર ગુનામાં વ્યક્તિ પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે કોઈપણ સમયે જામીન માગણી કરી શકશે તથા ન્યાયાલય તેની પાસે જામીન હશે તો જામીન પર મુક્ત કરશે

➥ જો કોઈ ઓછા ગંભીર ગુના માટે ન્યાયાલય અથવા પોલીસ અધિકારીને સત્તા હોય તો જાત મુચરકા સાથે (પોતે પોતાનો જામીન) અથવા મુચરકા વગરના જામીન આપવામાં આવશે

➥ જામીન પર રહેલ વ્યક્તિને કાર્યવાહી માટે ગમે ત્યારે બોલાવવામાં આવે ત્યારે તેને હાજર રહેવું પડશે જો આવું કરવામાં તે નિષ્ફળ જશે તો તેના જામીન રદ થશે

**કલમ - ૪૩૬ (ક) / 436 (A) : કાચા કામના કેદીની મહત્તમ સમય માટે અટકાયત કરી શકાય**

**★કલમ - ૪૩૭ : બિન-જામીની ગુના બાબતમાં જામીન ક્યારે લઈ શકાય**

➥ જ્યારે કોઈ વ્યક્તિએ બિન જામીનપાત્ર ગુનો કર્યો હોય અને પોલીસે તેને વગર વોરંટે પકડ્યો હોય અથવા તેના પર બિન જામીનપાત્ર ગુનો કર્યા અગેની શંકાથી તેને અટકાયતમાં રાખ્યો હોય તે વ્યક્તિને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવશે અને કોર્ટે યોગ્ય લાગશે તો તેને જામીન આપી શકાશે પરંતુ જે વ્યક્તિ પર મોત અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનોનો આરોપ હોય ત્યારે કોર્ટ તપાસ કરશે કે અગાઉ તે આરોપી વ્યક્તિને મોતની, આજીવન કેદની કે સાત વર્ષ સુધીની કેદની શિક્ષા થઇ હોય તો તેને જામીન નહીં મળે.

➥ જો કોઈ ૧૬ વર્ષથી નીચેનો પુરુષ અથવા સ્ત્રી અથવા કોઈ અશક્ત વ્યક્તિ કે બીમારી હોય તો કોર્ટ બિન જામીનપાત્ર ગુના માટે પણ જામીન આપી શકશે.

➥ પરંતુ આ કાર્યવાહી કરતા પહેલા કોર્ટમાં પબ્લિક પ્રોસિક્યુટરને સાંભળવા પડશે ત્યારબાદ જ જામીન આપવાની કાર્યવાહી કરી શકાય છે

# ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (CRPC) ના પૂછાયેલા પ્રશ્નો

**(1) પત્ની, સંતાનો અને માતાપિતાના ભરણપોષણ માટેનો હુકમ કરવાની જોગવાઈ સી.આર.પી.સી ની કઈ કલમમાં છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) સી.આર.પી.સી. કલમ - ૧૩ (B) સી.આર.પી.સી. કલમ - ૨૫

**(C) સી.આર.પી.સી. કલમ - ૧૨૫** (D) સી.આર.પી.સી. કલમ - ૧

**(2) સી.આર.પી.સીની કલમ - ૧૦૭ અનુસાર સંબંધિત વ્યક્તિએ સુલેહ-શાંતિ જાળવવા માટેની મહત્તમ મુદત શું છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) ૩ વર્ષ (B) ૨ વર્ષ **(C) ૧ વર્ષ** (D) ૫ વર્ષ

**(3) સી.આર.પી.સી.ના જોગવાઈઓ અનુસાર, નીચેનામાંથી કયા અધિકારી પાસેથી આદેશ મેળવીને, નોન-કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરી શકાય? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (B) જિલ્લા પોલીસ અધિક્ષક

(C) ડી.વાય.એસ.પી. **(D) જ્યુડીશીઅલ મેજીસ્ટ્રેટ-ફર્સ્ટ કલાસ**

**(4) સી.આર.પી.સી.ના પ્રબંધો અનુસાર, 'ફેરારી' માટેના જાહેરનામાની મુદત કેટલા દિવસની હોય છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) ૧૫ દિવસ (B) ૭ દિવસ (C) ૨૧ દિવસ **(D) ૩૦ દિવસ**

**(5) સી.આર.પી.સી.ના પ્રબંધો સંદર્ભે, તહોમતનામાનો હેતુ શું છે? (કોન્સ્ટેબલ-૨૦૧૬)**

(A) આરોપીને ધમકાવવો

(B) તકસીરવાર ઠરાવવો

**(C) આરોપીને ગુના અંગેની જાણ કરવી**

(D) સાક્ષી હાજર રહે તે માટે સૂચના આપવી

**(6) ફરિયાદ (FIR)ની નકલ ફરિયાદીને પોલીસે કેટલા મૂલ્યમાં આપવાની હોય છે? (કોન્સ્ટેબલ-૨૦૧૫)**

(A) ₹ 20 (B) ₹ 50 (C) ₹ 100 **(D) વિનામૂલ્યે**

**(7) કોગ્નીઝેબલ ગુના અટકાવવા માટે પોલીસ સી.આર.પી.સી.ની કઈ કલમ હેઠળ વોરંટ વગર ધરપકડ કરી શકે છે? (કોન્સ્ટેબલ-૨૦૧૫)**

(A) સી.આર.પી.સી. કલમ - 141 (B) સી.આર.પી.સી. કલમ - 145

**(C) સી.આર.પી.સી. કલમ - 151** (D) સી.આર.પી.સી. કલમ - 155

**(8) વગર વોરંટે ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને મુસાફરી સમય સિવાય કેટલા કલાકની અંદર જે-તે હકુમતી કોર્ટ સમક્ષ અટક કરેલ વ્યક્તિને રજૂ કરવાનો રહે છે? (કોન્સ્ટેબલ-૨૦૧૫)**

(A) 12 કલાક (B) 24 કલાક

(C) સી.આર.પી.સી. કલમ - 151 (D) સી.આર.પી.સી. કલમ - 155

**(9) સી.આર.પી.સી. ની કઈ કલમ હેઠળ તપાસ કરનાર પોલીસ અધિકારી સાક્ષીઓને તપાસે છે? (કોન્સ્ટેબલ-૨૦૧૫)**

(A) સી.આર.પી.સી. કલમ - 151 **(B) સી.આર.પી.સી. કલમ - 161**

(C) સી.આર.પી.સી. કલમ - 165 (D) સી.આર.પી.સી. કલમ - 171

**(10) મહિલાની ધરપકડ માટે કયું વિધાન સાચું છે? (કોન્સ્ટેબલ-૨૦૧૫)**

(A) મહિલાની ધરપકડ ફક્ત મહિલા પોલીસ અધિકારી જ કરી શકે

(B) મહિલાની ધરપકડ કોઈપણ સમયે (દિવસ કે રાત્રે) કરવા માટે કોઈની પૂર્વ પરવાનગી જરૂર નથી

(C) મહિલાની ધરપકડ માટે મહિલા પોલીસ અધિકારી પણ જેની ધરપકડ કરવાની હોય તે મહિલાના શરીરને અડકી શકે નહીં.

**(D) મહિલાની ધરપકડ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવા માટે મેજિસ્ટ્રેટની પૂર્વ પરવાનગી લેવી જોઈએ.**

# ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (CRPC) ના મહત્વના પ્રશ્નો

**1. CRPC નું પૂરું નામ જણાવો.**

**(A) ક્રિમિનલ પ્રોસિજર કોડ** (B) ક્રિમિનલ પ્રોસેસ કોડ
(C) ક્રિમિનલ પ્રોસીડીંગ કોડ (D) એકપણ નહિ

**2. CRPC એટલે ___________**

**(A) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ** (B) ભારીતય દડ સંહિતા
(C) સનદી કાર્યરીતિ અધિનિયમ (D) એકપણ નહિ

**3. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કઈ સાલનો છે?**

(A) 1970 (B) 1860 **(C) 1973** (D) 1873

**4. CRPC કઈ સાલમાં ઘડવામાં આવ્યો?**

(A) 25 ફેબ્રુઆરી, 1974 (B) 25 જાન્યુઆરી, 1973
(C) 25 ફેબ્રુઆરી, 1973 **(D) 25 જાન્યુઆરી, 1974**

**5. CRPC કયા વર્ષે અમલમાં આવ્યો?**

(A) 1 જૂન, 1975 (B) 1 મે, 1974
**(C) 1 એપ્રિલ, 1974** (D) 1 એપ્રિલ, 1976

**6. CRPC : 1973 માં કુલ કેટલી કલમો છે?**

**(A) 484** (B) 500 (C) 502 (D) 486

**7. CRPC ના કયા પ્રકરણોની જોગવાઈઓ નાગાલેન્ડ રાજ્ય અને આદિજાતિ વિસ્તારોને લાગુ પડે છે?**

(A) 6, 9, 13 (B) 5, 7, 12 **(C) 8, 10, 11** (D) 12, 15, 18

**8. ક્રિ.પો. કોડની કઈ કલમ વ્યાખ્યાઓ દર્શાવે છે?**

**(A) 2** (B) 3 (C) 4 (D) 2

**9. પહેલી અનૂસુચિમાં જામીન લઈ શકાય એવો ગુનો એટલે ______**

**(A) જામીની ગુનો** (B) બિન જામીની ગુનો (C) A અને B (D) એકપણ નહિ

**10. જે કેસમાં પોલીસ અધિકારી વગર વોરંટે ધરપકડ કરી શકે તેવો ગુનો એટલે ______**

**(A) પોલીસ અધિકારનો અથવા કોગ્નજીબલ ગુનો**
(B) પોલીસ અધિકાર બહારનો અથવા નોન કોગ્નજીબલ ગુનો.
(C) A અને B બંને (D) એકપણ નહિ

**11. જે કેસમાં કોઈ પોલીસ અધિકારી વોરંટ વગર પકડી શકે નહિ તેવો ગુનો એટલે _______**

(A) પોલીસ અધિકારનો અથવા કોગ્નજીબલ ગુનો.
**(B) પોલીસ અધિકાર બહારનો અથવા નોન કોગ્નજીબલ ગુનો.**
(C) A અને B બંને (D) એકપણ નહિ.

**12. પોલીસ અધિકારીએ પુરાવો એકત્રિત કરવા કરેલ તમામ કાર્યવાહી એટલે ....**

(A) તપાસ **(B) પોલીસ તપાસ** (C) ઈન્કવાયરી (D) એકપણ નહિ.

WEBSANKUL® PUBLICATION

# Our Books




Rs. 360/- | Rs. 400/- | Rs. 180/- | Rs. 420/- | Rs. 300/- | Rs. 490/-



Rs. 300/- | Rs. 300/- | Rs. 450/- | Rs. 680/- | Rs. 720/- | Rs. 500/- | Rs. 440/-



Rs. 400/- | Rs. 400/- | Rs. 550/- | Rs. 350/- | Rs. 370/- | Rs. 300/- | Rs. 150/- | Rs. 500/-



Rs. 200/- | Rs. 640/- | Rs. 240/- | Rs. 160/- | Rs. 300/- | Rs. 500/- | Rs. 500/- | Rs. 450/-

# Our Magazines



For Class 3 | For Class 1/2

# Coming Soon





પુસ્તકની દર્શાવેલી કિમત પ્રિંટિંગ ખર્ચ પ્રમાણે સમયાંતરે ફેરફારને પાત્ર રહેશે.

WEBSANKUL®

GET IT ON
Google Play

સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની
**ગુજરાતની સર્વશ્રેષ્ઠ એપ્લિકેશન**
આજે જ ડાઉનલોડ કરો

**40+**
**વિષય**

**4500+**
**વિડીયો લેક્ચર્સ**

**2500+**
**કલાક**

**સર્વશ્રેષ્ઠ ફેકલ્ટી ટીમ**

**તમામ પરીક્ષાઓ માટેના કોર્સ ઉપલબ્ધ**

**ટોપિક પ્રમાણે ટેસ્ટ**

**દરેક વિષયનો સંપૂર્ણ અભ્યાસક્રમ**

**User Friendly App**

એપ્લિકેશન વિશે વધુ માહિતી માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો
77 77 99 13 57 | 77 77 99 13 52 | 77 77 99 13 67 | 77 77 99 13 97